
Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

સપ્ટેમ્બર ૨૦૨૦ * વર્ષ ૩૫ * અંક ૬






અક્ષર છું હું દેહ નહીં આત્મા રૂપે
ભક્તિ કરું સર્વદા,
પુરુષોત્તમ પ્રગટ જે ગુરુહરિ
દાસ હું તેનો સદા;
છે સંબંધી પ્રભુ તણાં સર્વ જે
નિર્દોષ દિવ્ય સદા,
યાચું સેવા ભક્તિ ભક્તો તણી
ગુણ ગ્રહી સર્વદા.

ૐ



# "ગુરુ સાધુ થશો...?
# કો'થઈશ...!"






કૉલેજકાળમાં રતિકાકાની સાહેબજી સાથેની સ્મૃતિ





યોગીબાપાની આજ્ઞાથી 'સાહેબ'ના નેતૃત્વે 'શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય' નિર્માણની સેવામાં પૂ. રતિકાકા





યુવાવસ્થાએ વલ્લભવિદ્યાનગરમાં જશુભાઈ સાહેબ સંગાથે સખાઓની દિવ્ય સ્મૃતિ

# સદ્‌ગુરુ પરમ પૂજ્ય રતિકાકાને પ્રાગટ્યમંગલે શત શત કોટિ હૃદયવંદન !





સાહેબજીના દૃઢ આશરે સદ્‌ગુરુ પ.પૂ. રતિકાકા



પ.પૂ. અશ્વિનદાદા સંગ પરમ ભ્રાતૃભાવે પ.પૂ. રતિકાકા



પ.પૂ. શાંતિદાદાના પરમ સંગાથે પ.પૂ. રતિકાકા

**દિવસો** જેમ જેમ વીતતા જાય છે તેમ તેમ સંતભગવંત સાહેબદાદાના દિવ્ય સ્વરૂપનો મહિમા વધતો જાય છે. આ મહિમાના વિચાર સહજ જ સાહેબદાદાની નિશ્રામાં બિરાજતા સદ્‌ગુરુ સંતોના મહિમાના વિચાર પ્રેરે છે, અને મન બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના ભવ્યાતિભવ્ય દિવ્ય સ્વરૂપનાં મહિમાદર્શને ગદ્‌ગદ ભાવવિભોર થાય છે.

ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય સંકલ્પના સાકાર મૂર્તિ સમાન આવા એક સદ્‌ગુરુ તે પરમ પૂજ્ય રતિકાકા !

સાધકના જીવનમાં ભગવાનના ધારક સાધુ સાથે વિશ્વાસપૂર્ણ જીવની પ્રીતિ કેવી અકલ્પનીય આધ્યાત્મિક પ્રગતિ સહજ સિદ્ધ કરાવે છે તેનું જીવંત ઉદાહરણ એટલે સદ્‌ગુરુ પરમ પૂજ્ય ડૉ. રતિકાકાનું જીવન ! શ્રીજી મહારાજે 'વચનામત' ગઢડા પ્રથમ પ્રકરણમાં જે આશરા રૂપી સર્વોત્તમ સાધનાની વાત કરી છે તેને જીવનમાં આચરનારા પરમ પૂજ્ય રતિકાકાએ પ્રભુના પ્રગટ સાકાર સ્વરૂપના દૃઢ વિશ્વાસપૂર્ણ અતિશય આશરાના બળે પ્રભુની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી !

'ગુરુ ! સાધુ થશો...? કો' થઈશ !!' ગુરુદેવ યોગીજી મહારાજના શ્રીમુખે સરેલા આ બ્રહ્મનાદના શ્રવણે પરમ પૂજ્ય રતિકાકાના આત્મામાં પ્રભુના સાદ ઝિલાયા. સાહેબજી પ્રતિ દૃષ્ટિ કરી અને તેઓની અનુવૃત્તિ જાણી ગૃહસ્થાશ્રમી પરમ પૂજ્ય રતિકાકાએ ગુરુદેવ યોગીબાપાનાં દિવ્ય વચનો અધ્ધર ઝીલ્યાં, 'હા' ભણી !

સાહેબજી પ્રતિ દૃઢ વિશ્વાસપૂર્ણ જીવની પ્રીતિ અને અતિશય આશરાના બળે પરમ પૂજ્ય રતિકાકાએ અધ્યાત્મસાધના પંથે કપરાં ચઢાણો પણ સહજ સિદ્ધ કર્યાં; અને આજે, પ્રભુના અખંડ ધારક સંત સદ્‌ગુરુ રૂપે બ્રાહ્મીસ્થિતિના શિખરે બિરાજે છે ! આ બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિનાં જીવનધ્યેય પણ સ્વયં યોગીજી મહારાજે સાહેબજીને સ્વહસ્તે લખેલા પ્રારંભિક પત્રોમાંના એક પત્રમાં સ્પષ્ટ કર્યાં હતાં !

કર્મયોગે અનેક ક્ષેત્રોની સુફળ સાધના બાદ વર્તમાનમાં સદ્‌ગુરુ પરમ પૂજ્ય ડૉ. રતિકાકાના કુલગુરુ નેતૃત્વે અનુપમ મિશનની શૈક્ષણિક સેવા પ્રવૃત્તિઓએ જ્વલંત સિદ્ધિઓ હાંસલ કરી છે.

૧૮ સપ્ટેમ્બરે પરમ પૂજ્ય રતિકાકાના પ્રાગટ્યમંગલે તેઓની પ્રાર્થનાનાં બળ અને આશીર્વાદની યાચના સહ તેઓના શ્રીચરણે શત શત કોટિ હૃદયવંદન છે ! ◆

~ સાધુ મનોજદાસ





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૯ : 'સ્વરૂપનિષ્ઠાનું, અવતાર જેવા જાણે તો દ્રોહ થયાનું'નું નિરૂપણ,
૬ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી

**આ**જે શ્રાવણ વદી એકાદશી છે. મહારાજે શ્રાવણ સુદી ચૌદશને દિવસે આ વાત કરી છે. અને તે સમયે સભામાં આનંદાનંદ સ્વામીએ પૂજા કરી. આનંદાનંદ સ્વામીએ ઘણાં મંદિરો બાંધ્યાં. તેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી જન્મજાત આર્કિટેક્ટ હતા. જેતલપુર, ડભાણ, ધોલેરાનાં મંદિર આનંદાનંદ સ્વામીએ બાંધ્યાં.

**...પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહીં. અને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહીં, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહીં. અને જો ભગવાનનું વચન કાંઈક લોપાયું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહીં....**

મહારાજ કહે, જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીઓ વાતો કરે, સમજાવે, પણ સ્વરૂપનો દ્રોહ ના થાય એનું ધ્યાન રાખવું. ભગવાનના વચનનો લોપ તો ના જ થવો જોઈએ, પણ મહારાજ કહે, કદાચ લોપ થાય તો ચિંતા નહિ, પરંતુ ભગવાનના સ્વરૂપનો દ્રોહ ના થવો જોઈએ. ભગવાનની આજ્ઞા ના પળાઈ હોય તો પ્રાર્થના કરીને, પ્રાયશ્ચિત્ત કરીને ભગવાનની માફી માગીએ કે, તો એનાથી છૂટકો થાય. કારણ, ભગવાન તો દયાળુ છે, અધમોદ્ધારણ છે; તો તેઓ માફ કરી દે. આમ, વચનનો લોપ થાય તો છૂટકો થાય.

**...માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.'...**

જે ઉપાસના કે, ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે અને અક્ષરધામમાં છે એ જ સ્વરૂપ મને સંત સ્વરૂપે પ્રાપ્ત થયું છે-એટલે કે પ્રગટ છે.

**અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી.**

સત્સંગમાંથી સંજોગોવશાત્ બહાર નીકળી જાય પણ જો જીવમાં મહિમા હોય, નિષ્ઠા હોય તો ભગવાનને વિશે હેત ટળે નહીં.

**...અને કે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહીં હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહીં જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય...**

આ અગત્યની વાત મહારાજ અહીં બોલે છે. ભગવાન સદાય સાકાર છે. ભગવાનને નિરાકાર કહે તો એ ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય. અને બીજા અવતાર જેવા જાણે તો ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય.

ખંભાતનું એક જાણીતું દૃષ્ટાંત છે. માયાતીતાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાને બનાવેલા સાધુ ! મેતપુર, ખંભાત ને આજુબાજુનાં ગામોમાં તેઓએ ખૂબ સત્સંગ કરાવ્યો. તે વખતે કોઈ હરિભક્ત ધામમાં ગયા. આ હરિભક્તને બે દીકરાઓ હતા, બંનેને માલમિલક્તની વહેંચણી માટે ઝઘડા થયા એટલે વકીલ પાસે ગયા. વકીલે કહ્યું કે, 'તમારા પિતા તમને બંનેને – કોને શું આપવું ? એ બધું મારી પાસે લખાવી, વિલ કરી અને પછી ધામમાં ગયા છે. વિલમાં બધું ચોખ્ખું લખેલું છે. તે વિલને તમે શોધો અને તેનો અમલ કરો તો તમારા ઝઘડા પતી જશે.' એટલે એમણે આખા ઘરમાં ખૂણેખાંચરે ઉથલપાથલ કરીને શોધ્યું, સગાંવહાલાંને પૂછ્યું, પણ કોઈ જગ્યાએ વિલ ના મળ્યું.

પછી બધાને થયું કે, ઘણી વખત ગુરુને વિલ આપતા જતા હોય છે. અને આ હરિભક્ત માયાતીતાનંદ સ્વામી પાસે મંદિરે જતા હતા એટલે થયું કે, વિલ એમને આપ્યું હશે. એટલે તેઓએ માયાતીતાનંદ સ્વામી પાસે જઈને પૂછ્યું કે, 'સ્વામી ! તમને વિલ આપ્યું છે ?' માયાતીતાનંદ સ્વામી કહે, 'ના, મને નથી આપ્યું.' ત્યારે તેઓએ કહ્યું કે, 'બાપુજી વિલ કરીને ગયા છે એવું વકીલ કહે છે, પણ વિલ મળતું નથી એટલે મિલકત વહેંચવામાં અમારે ઝઘડા થાય છે. આપ કંઈ કૃપા કરો કે, વિલ મળી જાય.'


એ વખતે સંતોમાં એક સમાધિનિષ્ઠ સંત હતા. માયાતીતાનંદ સ્વામીએ એ સમાધિવાળા સાધુને બોલાવીને કહ્યું, 'તમે સમાધિમાં જાવ અને અક્ષરધામમાં આમના પિતાને પૂછી આવો કે, તેમણે વિલ ક્યાં મૂક્યું છે ?' તેથી પેલા સાધુ સમાધિમાં પહોંચી ગયા. થોડા કલાકો પછી સમાધિમાંથી જાગ્રત થયા ને કહે, 'સ્વામીજી ! અક્ષરધામમાં આ ભાઈ નથી.' માયાતીતાનંદ સ્વામી કહે, 'એવું બને નહીં. તેઓ તો પૂરેપૂરા ભગત હતા. અને ભગવાનનું વરદાન છે એટલે તેઓ તો અક્ષરધામમાં જ હોય.' માયાતીતાનંદ સ્વામીએ પેલાને પૂછ્યું, 'તારા બાપુજીને કયા સાધુ સાથે હેત હતું ? કયા સાધુ સાથે ઊઠકબેઠક હતી ?' ત્યારે પેલાએ કહ્યું, ''રામાયણી' સાધુ સાથે.' એ જે સાધુ હતા તેઓ આખો દિવસ 'રામાયણ'નો ગ્રંથ વાંચે અને જેઓ આવે એને મહારાજનું રામસ્વરૂપ તરીકે વર્ણન કરે; એટલે એમનું નામ 'રામાયણી' સાધુ પડી ગયું હતું. મંદિરમાં બધા ભક્તો પોતપોતાને જે સંતો સાથે હેત હોય તેઓ પાસે જાય. એમ આ ભગત કોઈ 'રામાયણી' સાધુ પાસે જતા હશે.

માયાતીતાનંદ સ્વામી પેલા સમાધિનિષ્ઠ સાધુને કહે, 'તું ફરી સમાધિમાં રામના લોક-વૈકુંઠમાં જા. કારણ કે, મહારાજને જે રામ જેવા જાણે તે રામ લોકને પામે. 'રામાયણી' સાધુ ભલે સ્વામિનારાયણના સાધુ હતા, પણ ઉપાસના રામની હતી. સ્વામિનારાયણ ભગવાનને રામ જેવા માનતા હતા. એટલે એ ભગત વૈકુંઠમાં પહોંચ્યા હશે.' પેલાના બાપુજી વૈકુંઠમાં મળ્યા. તેઓએ કહ્યું કે, 'ઘરના મોભમાં કાણું કરીને તેમાં વિલ મૂક્યું છે.' ત્યાંથી વિલ કાઢ્યું ને પછી કામ પતી ગયું.


પણ, કહેવાનો મતલબ શો ? કે, સ્વામિનારાયણના કહેવાતા હોય તેઓને માટે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ અને સાકાર ! અને શાસ્ત્રીજી મહારાજે એમાં ઉમેરો કર્યો – પ્રગટ ! એમાં સહેજ પણ ફરક ના પડવો જોઈએ.

તમે નિયમ-ધર્મ લોપવાના નથી, યાદ રાખો ! પણ કોઈ એવી જગ્યાએ કોઈ સંજોગવશાત્ તમારાથી આજ્ઞા ના પળાઈ તો ભગવાન કહે, એનું પ્રાયશ્ચિત્ત છે, ભજન-પ્રાર્થનાથી માફ પણ થાય. પણ આ ભગતે સ્વામિનારાયણના મંદિરમાં આખો દિવસ સ્વામિનારાયણનાં છબલીકાં વગાડ્યાં, પણ સ્વામિનારાયણ ભગવાનને રામ જેવા માનતા હતા તો વૈકુંઠમાં પહોંચ્યા, જોયું ! તમારી ગાડી સહેજ આમ થઈ તો આખો લોક બદલાઈ ગયો.

એ શું લોક બદલાયો ? આકાશમાં તો કશું એવું છે નહીં ? સર્વોપરી નિષ્ઠા હોય, સર્વ અવતારના અવતારી માનતા હોઈએ તો ભગવાનનું



**સ્વામિનારાયણના કહેવાતા હોય તેઓને માટે**
**સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી,**
**સર્વ અવતારના અવતારી, સર્વના કારણ અને સાકાર !**
**અને શાસ્ત્રીજી મહારાજે એમાં ઉમેરો કર્યો - પ્રગટ !**
**એમાં સહેજ પણ ફરક ના પડવો જોઈએ.**







**સ્વામિનારાયણ ભગવાનને
સર્વોપરીભાવે ભજતા હોય
એવા સાધુ ને એવા ભક્તોનો સંગ રાખવો,
એમની વાત વિશ્વાસ ને શ્રદ્ધાથી માનવી.**

બિરુદ છે - અક્ષરધામ ! અક્ષરધામ એટલે ? અક્ષરધામરૂપ થયા હોય એવા સાધુની સાથે જોડે. અને અહંતા, મમતા, કામ-ક્રોધાદિક દોષ રહિત કરવાની જે સાધના, એ માર્ગે ચાલવાનું થાય ત્યાં એને મૂકે. અને પેલા આત્માને પછી જ્યાં સાત્ત્વિક ભાવવાળા જીવન જીવતા હોય એવી જગ્યાએ મૂકે. તો આખો ફરક પડી જાય, યાદ રાખો ! એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'સ્વરૂપનો દ્રોહ ના થવા દેવો.'

ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર એ કોઈ નીચા છે કે નાના છે એવું નથી, પણ મને મળ્યા એ મારા ઈષ્ટદેવ, એ સર્વોપરી છે ! સ્ત્રીને પોતાનો જે ધણી, એ એના માટે પરમેશ્વર ! બીજા ગમે એટલા સારા હોય તો પણ નહીં. એમ આપણને આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન મળ્યા, એ આપણા માટે સર્વોપરી, સર્વ અવતાના અવતારી, સર્વના કારણ અને સર્વના નિયંતા છે ! અને સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'બીજા ભગવાન હશે તો મારે એમની સાથે જોવાનું છે, પણ તમે કોઈની જોડે લમણાકૂટ ના કરશો. મને તમે માનો છો તો મને સર્વોપરીભાવે ભજો.' આપણે એમાં જરાય કચાશ ના રાખીએ. અને આના જેવા છે, પેલા જેવા છે એવી કોઈની સાથે સરખામણી કરાય જ નહીં. મારા ભગવાન છે એ સર્વોપરી છે, બસ ! બીજા હશે કે નહીં એ એમના ભગતને ખબર. શ્રી રામને માનતા હોય એ ભલેને શ્રી રામને સર્વોપરી માને, કે શ્રી કૃષ્ણને માનનારા ભલેને શ્રી કૃષ્ણને સર્વોપરી માને, આપણને એમાં ક્યાં પ્રૉબ્લેમ છે ? શ્રી કૃષ્ણ, શ્રી રામ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ; આ બધા પૂજનીય છે. તેઓ સામાન્ય નહોતા, ભગવાનના અવતારો હતા. પણ મને મળ્યા એ સ્વામિનારાયણ ભગવાન મારા માટે સર્વોપરી છે ! એમાં સહેજ પણ કસર રહે તો ભગવાન કહે, તમારી ગાડી અક્ષરધામથી જોજનો દૂર જતી રહેશે. તો એવું ના થાય એટલા માટે કોઈ ગમે એવાની વાતો ના સાંભળીએ, સંગ ના કરીએ ને તેવાની સાથે ઊઠકબેઠક ના રાખીએ. હેત-પ્રેમ - જેમની વાત માનીએ એને હેત કહું છું. જગતમાં તો બધાને હળવા-મળવાનું છે, પણ સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરીભાવે ભજતા હોય એવા સાધુ ને એવા ભક્તોનો સંગ રાખવો, એમની વાત વિશ્વાસ ને શ્રદ્ધાથી માનવી.

**...જેમ અર્જુન હતા તેને તો ભગવત્સ્વરૂપનું બળ હતું અને યુધિષ્ઠિર રાજાને તો શાસ્ત્રનાં વચનનું બળ હતું. પછી જ્યારે ભારતી લડાઈ થઈ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે,**

**'સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥'**

**એ શ્લોકનો એ અર્થ છે જે, 'હે અર્જુન ! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું કાંઈ શોક કરીશ મા.' આ વચનને માનીને અર્જુન જે તે લડાઈને વિષે અનંત દોષ થયા તો પણ લેશમાત્ર મનમાં ઝાંખા થયા નહીં અને ભગવાનના આશ્રયનું બળ રાખી રહ્યા. અને યુધિષ્ઠિરે કાંઈ પાપ કર્યું નહીં તો પણ શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હતો તેણે કરીને એમ જાણ્યું જે, 'મારું કોઈ કાળે કલ્યાણ નહીં થાય.'...**

યુધિષ્ઠિર સત્યને માનતા હતા અને પોતાની જાતે સાત્ત્વિકભાવથી સત્ય બોલતા હતા. અને અર્જુને કેટલા બધાને કેવી રીતે માર્યા ! આખું મહાભારત આપણે જાણીએ છીએ, પણ તે નિઃસંશય થયો. એને લેશમાત્ર એનો પાશ લાગ્યો નહીં. કારણ કે, એણે ભગવાનની આજ્ઞાથી, ભગવાનના બળે કર્યું. શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે, 'સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ.' બધા જ ધર્મો છોડી દે. આ પાપ છે-આ પુણ્ય છે, આ સારું છે-આ ખોટું છે; એ બધાં દ્વંદ્વ છોડી દે, સર્વ ધર્મ છોડી દે. એટલે કંઈ એને કોઈ ધર્મ વગર રહેવાનું કહેતા હતા ? ના ! પણ, સત્પુરુષ અને ભગવાન મળે પછી એમના વચનને જ ફૉલો કરવું, એ સાચો ધર્મ ! તો શ્રી કૃષ્ણ ભગવાનને એ ધર્મમાં એને લઈ જવો હતો.

ક્ષત્રિયોનો ધર્મ છે કે, જેની પાસે હથિયાર ના હોય એને મરાય નહીં. સામા પાસે બાણ ને ધનુષ્ય ના હોય તો એની સાથે યુદ્ધ ના થાય, લડાઈ

ના થાય, મરાય નહીં. યુદ્ધમાં કર્ણના રથનું પૈડું ભાંગી ગયું એટલે આયુધ મૂકીને પૈડું બદલવા તે રથમાંથી નીચે ઊતર્યો. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું, 'માર આને, એક બાણ મારી દે એટલે એ પતી જાય.' કર્ણ કહે, 'તમે ક્ષત્રિયધર્મ લજવો છો. મારી પાસે હથિયાર નથી, હું તો નીચે રથનું પૈડું બદલું છું.' એટલે શ્રી કૃષ્ણ ભગવાને કર્ણને એના અધર્મ આચરણનું બધું કહ્યું. ત્યારે જો અર્જુને ધર્મ રાખ્યો હોત તો તે કર્ણને મારત નહીં. પણ એણે ભગવાન શ્રી કૃષ્ણના વચનને પાળ્યું.

યુદ્ધનો બીજો નિયમ છે કે, તમારી સામે કોઈ સ્ત્રી હોય તો યુદ્ધ ના થાય. સ્ત્રી સામે આવે એટલે આયુધ મૂકી દે. ભીષ્મપિતામહ માટે શ્રી કૃષ્ણ પરમાત્મા અર્જુનને કહે, તું આઘો ખસી જા અને આ શિખંડીને ભીષ્મપિતામહની સામે ઊભો રહેવા દે. શિખંડી દ્રોણનો શિષ્ય અને રાજકુમાર હતો. પણ એ જન્મ્યો ત્યારે સ્ત્રી હતો. ભીષ્મપિતામહને તો ખબર હતી કે, શિખંડી એ છોકરી છે, પણ ઋષિ-મુનિઓએ એને કન્વર્ટ કરીને પુરુષ બનાવી દીધેલો એ ખબર નહોતી. શ્રી કૃષ્ણ ભગવાનને ખબર હતી કે, આ ભીષ્મપિતામહની આગળ શિખંડીને મૂકીશું એટલે તેઓ હથિયાર મૂકી જ દેશે. પછી અર્જુનને કહ્યું કે, 'આમને ઉડાડી દે.' આમ, શ્રી કૃષ્ણ ભગવાને બધા ધર્મોને બાજુમાં મુકાવી અર્જુનને લડાવ્યો, તમે જુઓ તો! જો અર્જુને ધર્મ ના છોડ્યો હોત તો અર્જુન લડત નહીં. એટલે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું, 'સર્વ ધર્માન્પરિત્યજ્ય' - તારા મનથી માનેલા બધા ધર્મો, સત્ય-અસત્યનાં બધાં બીબાંઓ, પાપ ને પુણ્યની બધી માન્યતાઓ; આ બધું છોડીને તું મારે શરણે આવ, હું કહું એમ કર.'

ખરેખર તો, સત્પુરુષ અને ભગવાનની આજ્ઞા પાળો એ જ સાચો ધર્મ; એ સાચા વિશિષ્ટ પ્રકારના ધર્મમાં અર્જુન હતો તો ફાવી ગયો. ને યુધિષ્ઠિર સાત્ત્વિકભાવના ધર્મમાં હતા, તો છેવટે થયું કે, મારું કલ્યાણ થશે કે નહીં થાય? શ્રી કૃષ્ણ પરમાત્માએ પછી આશીર્વાદ આપ્યા એટલે એમની અંદરની કચકચ નીકળી ગઈ. એટલે ભગવાન આપણને કહે છે કે, સર્વોપરીભાવે ભગવાનને ભજો અને એ ભગવાન જેમનામાં પ્રગટ છે એવા સત્પુરુષની આજ્ઞામાં રહીને ભક્તિ કરો.

**...પછી સર્વે ઋષિએ સમજાવ્યા તથા વ્યાસજીએ સમજાવ્યા તથા શ્રી કૃષ્ણ ભગવાને પોતે સમજાવ્યા તોય પણ શોક મૂક્યો નહીં. પછી શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મ પાસે લઈ જઈને શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી ત્યારે કાંઈક વિશ્વાસ આવ્યો; તોય પણ અર્જુન જેવા નિઃસંશય થયા નહીં...**


શ્રી કૃષ્ણ બોલે તો એમને કપટી માને, શ્રી કૃષ્ણને વિશે ભારોભાર મનુષ્યભાવ, એટલે યુધિષ્ઠિરને એમનું વચન મનાય જ ક્યાંથી? ભીષ્મપિતામહનું મનાય, કારણ કે એ નૈષ્ઠિક બ્રહ્મચારી, જગતની રીતે સાત્ત્વિક ભાવવાળા એટલે એમની વાત મનાય. તો પણ યુધિષ્ઠિર અર્જુન જેવા નિઃસંશય ના થયા. સગા ભાઈઓ હતા, પેલા મોટા ભાઈ ને આ નાના. પણ બંનેમાં કેટલો ફરક પડી ગયો? અર્જુન પર ભગવાનની કૃપા કે, એમણે શ્રી કૃષ્ણ ભગવાનને ઓળખ્યા! એમના વચનમાં પરમ શ્રદ્ધા ને વિશ્વાસ રાખીને જીવ્યા તો નિઃસંશય થયા.

**માટે બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશય રાખ્યું જોઈએ. એ બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે છે.**


કોઈ પણ કામમાં ભગવાનનું બળ લેવું. હું આમ કરીશ ને હું તેમ કરીશ એમ ભડાકા મારવાથી કોઈનાથી કશું થાય એમ નથી. ભગવાનનું લેશમાત્ર પણ બળ હોય તો મોટા ભયથી તેઓ રક્ષા કરે છે.

**...જેમ અર્જુને ભારતી લડાઈ કરી ત્યારે તેને વિષે કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા, પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ તે ભગવત્સ્વરૂપના બળને પ્રતાપે થઈ...**

ભગવાનનું બળ લઈને જીવતો હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય. પોતાના બળે જીવતો હોય એ સાધક કહેવાય. ભગવાનનું બળ કે,



સત્પુરુષ અને ભગવાન મળે
પછી એમના વચનને જ ઝીલો કરવું,
એ સાચો ધર્મ !





**ભગવાનનું બળ લઈને જીવતો હોય
એ જ એકાંતિક ભક્ત કહેવાય.
પોતાના બળે જીવતો હોય એ સાધક કહેવાય.
ભગવાનનું બળ કે, ભગવાન છે ને મારી સાથે !
હું એમનો છું અને તેઓ સદાય મારી રક્ષામાં છે.
કંઈ પણ થાય તો એમને સંભારવા.**

ભગવાન છે ને મારી સાથે ! હું એમનો છું અને તેઓ સદાય મારી રક્ષામાં છે. કંઈ પણ થાય તો એમને સંભારવા... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ! સર્વોપરી માન્યા એટલે શું ? ભગવાન સામું જુઓ. સામાન્ય રીતે આપણા ગુજરાતીઓ અને ખાસ કરીને હિન્દુઓ કંઈ પણ થાય તો લોક સામું જુએ કે, લોકો શું કહેશે ? આજુબાજુવાળા શું કહેશે ? આપણો સમાજ શું કહેશે ? ગામમાં લોકો કેવી વાતો કરશે ? પણ, તું ભગવાન સામું જોને ! ભગવાન શું કહે છે ? ભગવાન કહે કે, બરાબર છે તો જખ મારે છે દુનિયા ! એટલે એવું કરે તો લોક પણ સરખું થઈ જાય. આપણે જોવાનું જ ભગવાન સામું.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'જોવા જેવા એક ભગવાન છે.' એટલે કંઈ તેમની સામે બેસીને જોયા કરવાના ? ના, એવું નહીં. પણ કંઈ પણ થાય એટલે ભગવાન સામું જોવું. સારું થાય તોય ભગવાન સામું જોવું ને કોઈ આપણું ખોટું કરે કે આપણા જીવનમાં ખોટો પ્રસંગ બને – બીમારી, મરણ, ધંધામાં ખોટ, નોકરી છૂટી જાય; આવું બધું થાય તો હાય હાય કેમ આવું બધું થયું ? તેમ કરવાને બદલે ભગવાન સામું જુઓ. તું કરી રહ્યો છું તો મારા હિતમાં જ હશે, એવું તરત થશે તો અંદર શાંતિ રહેશે, આનંદ રહેશે, નહીં તો ડિસ્ટર્બ થઈશું.

મહેનત કર્યા પછી પણ છોકરો પરીક્ષામાં નાપાસ થાય તો ડિસ્ટર્બ થાય, પણ થાય કે, ભગવાન મારું કંઈક રૂડું જ કરતા હશે. ભગવાન સામું જુઓ કે, ભગવાન અધમોદ્ધારણ છે, પતિતપાવન છે, આપણા સૌનું કલ્યાણ કરવા જ આવ્યા છે, હિતેચ્છુ છે; તો પછી નાપાસ કરવામાં પણ આપણું હિત જ હશે. પણ, આપણી બુદ્ધિએ તો પાસ થયો એટલે સારું અને નાપાસ થયો એટલે ખોટું. સાજા થયા એટલે સારું અને બીમાર થયા એટલે ખોટું. જીવતા રહ્યા એ સારું અને મરી ગયા એ ખોટું; આ બધાં દ્વંદ્વ છે. એ દ્વંદ્વથી ઉપર જવું હોય તો ભગવાનનું બળ લો, ભગવાન સામું જુઓ; તો પછી બધું સરસ જ છે ! નાપાસ થયો તોય સારું છે, ખોટ જાય તોય સારું છે, એમાં કંઈક આપણું હિત હશે, સારું હશે ! તો જોવા જેવા એક ભગવાન છે. સારું-નરસું કંઈ પણ બને તો ભગવાન સામું જોવાનું.

**...માટે જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય...**

એ જ પાકો સત્સંગી કહેવાય. ભગવત્સ્વરૂપનું બળ લો. ભગવાન જે કરતા હોય એ સારા માટે જ કરતા હશે. મારી બુદ્ધિ કબૂલ નથી કરતી, મારું દેહ કબૂલ નથી કરતું; તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરો તો બળ મળશે અને ચોખ્ખું દેખાશે કે, જે થયું એ સારું થયું. આપણું ધાર્યું ના થાય, આપણી ઈચ્છા પ્રમાણે ના થાય, આપણને અપેક્ષાઓ એટલી બધી હોય છે કે એ અપેક્ષાઓને લીધે પછી બુદ્ધિ નકારાત્મક વિચારો કરતી હોય છે; એમાંથી બહાર નીકળવા માટે ભજન શ્રેષ્ઠ ઉપાય છે.

**...અને શ્રીમદ્ ભાગવતમાં પણ એ જ વાત પ્રધાન છે જે, 'શ્રુતિ-સ્મૃતિના ધર્મને કાંઈક તજાય તો તેની ચિંતા નહીં, પણ ભગવાનનો આશ્રય તજવો નહીં.' અને કોઈક એમ જાણે જે, 'આવી વાત કરીએ તો ધર્મ ખોટા થઈ જાય.' પણ આ વાર્તા કાંઈ ધર્મને ખોટા કર્યા સારુ નથી...**

ભગવાનનો આશરો-આશ્રય ના છોડવો. એકાંતિક ધર્મની મહારાજ વાત કરે છે. સામાન્ય ધર્મ અને એકાંતિક ધર્મ. સામાન્ય નિયમ અને વિશિષ્ટ નિયમ. વિશિષ્ટ નિયમ અને એકાંતિક ધર્મ રાખતાં બીજું બધું ગૌણ થાય તો એની ફિકર નહીં. કારણ કે, એનો હેતુ ભગવાનને રાજી કરવા માટે છે અને ભગવાન રાજી થશે તો આપોઆપ આપણું જીવન ધર્મમય બનવાનું છે. પણ ધર્મમય જીવનવાળા પર ભગવાન રાજી થાય એવું ના પણ બને. યુધિષ્ઠિર ધર્મમય જ હતા ને ! ભીષ્મપિતામહ ધર્મમય જ હતા ને ! તો પણ શ્રી કૃષ્ણ પરમાત્મા રાજી ના થયા. જ્યારે અર્જુન ભગવાનમય હતા તો એમના જીવનમાં ધર્મ આવ્યો.

**... આ તો એટલા સારુ છે જે, દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ અને દેવતા એટલાં વાનાં શુભ અને અશુભ એ બે પ્રકારનાં છે, તેમાંથી જો અશુભનો યોગ થાય ને એને કાંઈક વિઘ્ન પડે તો પણ જો ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડે નહીં, અને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ હોય તો જે દિવસ ધર્મમાંથી ચળી જવાય તે દિવસ તે એમ જાણે જે, 'હું નરકમાં પડી ચૂક્યો.' માટે જેને ભગવત્સ્વરૂપનું બળ તે જ પાકો સત્સંગી છે. અને એ વિના બીજા તો ગુણબુદ્ધિવાળા કહેવાય...**

પાકો સત્સંગી એટલે આત્મબુદ્ધિ ને પ્રીતિવાળો. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ અને ભગવાનની સર્વોપરીભાવે નિષ્ઠા હોય અને સત્પુરુષની આજ્ઞામાં રહેતો હોય એ પાકો સત્સંગી; બાકી બીજા ગુણબુદ્ધિવાળા. કંઈક એવું બને એટલે સત્સંગમાંથી જતા પણ રહે.

**...અને જેને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યા છે. અને આ સમયમાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને જો નારદ-સનકાદિક ને બ્રહ્માદિક દેવતા સાંભળે, તો સાંભળીને એમ કહે જે, આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહીં. આ વાર્તા તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી છે. અને અતિશય ઝીણી વાર્તા થાય છે તો પણ અતિશય સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય છે, એવી મૂર્તિમાન વાર્તા થાય છે...**

ઝીણી વાત છે, પણ મહારાજે એટલી સરળ ને સરસ રીતે કહી છે કે, જિનિયસ ના હોય તેવા સામાન્ય બુદ્ધિવાળાને પણ સમજાઈ જાય.

**...માટે, 'આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી,' એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ. અને જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તો પણ તેને તો કાંઈ કરવું રહ્યું નથી...**

અતિશય પ્રીતિ છે એને અંદરથી બધું સમજાતું જશે.

**...પણ જેને પરમેશ્વરને વિષે અતિશય પ્રીતિ તો ન હોય તેને તો જરૂર ભગવાનના સ્વરૂપનો મહિમા સમજ્યો જોઈએ. માટે જે ડાહ્યો હોય તેને તો આ વાર્તા સમજી-વિચારીને અતિ દૃઢ ભગવાનનો આશરો કરવો એ જ મત અતિ સારમાં સાર છે...**

ભગવાનનો દૃઢ આશરો એટલે હું ભગવાનનો ને ભગવાન મારા. એ ભગવાન કેવા છે ? સર્વોપરી છે, સર્વ અવતારના અવતારી છે. સર્વના કારણ છે, સર્વની બુદ્ધિના પ્રેરક, પ્રવર્તક છે. અંતર્યામી શક્તિએ કરીને આપણા સૌમાંય પ્રગટ છે અને ગુણાતીત સંત રૂપે મને પ્રગટ મળ્યા છે. આ જડબેસલાક માનતો હોય, અને એવા સત્પુરુષમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય અને એમની આજ્ઞામાં રહે તો બધાં શાસ્ત્રો એના હાથમાં આવી ગયાં. જ્ઞાન અંદરથી ફૂટશે.

આ 'વચનામૃત' છે, 'સ્વામીની વાતું' છે, કથાવાર્તા છે; તો એનાથી આપણને મહિમા સમજાતો જાય કે, આપણને કેવા ભગવાનની પ્રાપ્તિ થઈ છે ! કેવા સંતો છે, કેવા ભક્તો છે ! તો રોજબરોજના જીવનમાં ભક્તિ કરવામાં, આજ્ઞા પાળવામાં, સેવા કરવામાં આપણો ઉત્સાહ બહુ વધશે.

તો જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર ભગવાને કહ્યો કે, ભગવાનની સર્વોપરીભાવે ભક્તિ કરો અને કંઈ પણ હોય તો બળ ભગવાનનું લો, આશરાનું બળ લો. અને એમનું બળ લેવા માટે એમની સ્મૃતિ કરો, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન-ભજન કરો અથવા કેવા પ્રભુ મળ્યા છે ! મારી રક્ષા એ કરનારા છે ! એવા મહિમાથી એમની સ્મૃતિ કરો તો ભગવાન આપણને ખરેખર એટલી બધી અનુભૂતિઓ કરાવશે કે, આપણે એકદમ નિશ્ચિંત, ડર રહિત થતા જઈશું !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય,
ભગવાનની સર્વોપરીભાવે નિષ્ઠા હોય
અને સત્પુરુષની આજ્ઞામાં રહેતો હોય
એ પાકો સત્સંગી !







## હે વ્હાલા સાહેબજી મહારાજ !

આપ અમારું સર્વસ્વ છો
આપ અમારો આત્મા છો
આપ અમારા પ્રાણસ્વરૂપ છો
આપ જ પ્રેરણાસ્રોત છો
આપ જ અમારા યોગીરૂપ છો

આપને રાજી કરવા એ અમારું ધ્યેય છે
આપની અનુવૃત્તિ સમજી પળેપળ જીવવું છે
આપના ચરણે મન બુદ્ધિનાં પૂર્ણ સમર્પણ ધરવાં છે
આપનો અભિપ્રાય સમજી વર્તન કરવાં છે
આપને સર્વત્ર-સર્વમાં નિહાળી આનંદ કરવો છે.



આપ રાજી તો સ્વામી ને શ્રીજી રાજી
આપ રાજી તો યોગી રાજી
આપનાં રાજી તો આપ રાજી
તે ભાવે સંબંધી સર્વના દાસ થવું છે
આપ પ્રભુ સ્વરૂપ તો સૌ આપનાં સ્વરૂપ
તે માની સૌ સાથે વિચાર વાણી વર્તન કરવાં છે.

આપ દયાળુ છો... કૃપાળુ છો... કર્તા છો.
'આપનાં સૌ અમે સર્વેએ આ સ્વીકાર્યું'
તે પરમ સત્યતા ધારણ કરી જીવવા બળ દો !
આ માગ્યું તેનું જાણપણું અહોનિશ રખાવજો
તેની ગંભીરતા સમજી અમો ભજન કરીશું
તે વચન નિભાવવું જ છે... તે નિશ્ચય પાકો છે
તો તે આપના બળે સિદ્ધ કરાવજો !
રાજી રહેજો... આપ રાજી રહો તેવાં જીવન જિવાડજો !

## હે સાહેબદાદા !

આપ અમ આત્મસ્વરૂપ...
આપ અમ શ્રીજી સ્વામી સ્વરૂપ...
આપ અમ યોગીરૂપના ચરણે પ્રાર્થના...!



આપનાં જે અમ સૌને
આપના પરમ દિવ્ય સ્વરૂપમાં...
પ્રીતિ કરાવો
પૂર્ણ સમર્પણ કરાવો

આપનાં જે અમ સૌને પરસ્પરમાં આપનાં દર્શન કરાવો
પરસ્પરને એકતા કરાવો, પરસ્પર નિર્દોષ મનાવો
સૌ સંબંધીના દાસ બનાવો.
આપનાં અમ સૌને
વિચાર વાણી વર્તને
આપને પ્રગટ પ્રત્યક્ષ રાખવા
ને વર્તન કરી લેવા
બળ આપો... જાગ્રતતા દો !
બસ ! સૌ પર રાજી રહો દયાળુ !

પ.પૂ. અશ્વિનદાદા, પ.પૂ. રતિકાકા, પ.પૂ. પૂનમદાદા
પ.પૂ. હર્ષદદાદા, પ.પૂ. અરુણદાદા, પ.પૂ. રમેશદાદા,
પ.પૂ. મનોજદાસ, પ.પૂ. દિલીપદાસ, પ.પૂ. વાસુદાસ
ને સૌ સંતો વતી...

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

સાધુ શાન્તદાસના સાષ્ટાંગ પ્રણામપૂર્વક
જય સ્વામિનારાયણ.

૨૫ ઑગસ્ટ, ૨૦૨૦ અને ૨૭ ઑગસ્ટ, ૨૦૨૦





# અનુપમની હે અમૃતધારા...!



~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા મધ્ય પ્રકરણ-૨૧, 'મુદ્દાનું'નું નિરૂપણ
૨૧ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

(ગયા અંકથી ચાલુ... આ અંકે પૂર્ણ.)

**અ**હીંયાં મુદ્દાની જે વાત કરી છે તે, **'જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે...'**

પ્રત્યક્ષમાં વાંધો શો આવે છે ? ઘણાં બધાં કારણો છે. એમાં એક તો પોતાનું છે, બહુ નિકટ છે અને બહુ સમયથી સામીપ્ય છે એટલે એમાં મનુષ્યભાવ આવે છે. એમાં દોષ, ત્રુટિઓ અને ખામીઓ દેખાય છે. જ્યારે જે થઈ ગયા અને જે જતા રહ્યા એમનાં મરણનો મલાજો સાચવવાની આપણા સંસારમાં એક મર્યાદા છે. એ મર્યાદા શી છે ? તો જે માણસ મરી ગયો અને ભગવાનના ધામમાં ગયો, દેવલોક પામ્યો એના માટે 'દેવ થઈ ગયા', 'પાછા થયા' એવા શબ્દો આપણે વાપરીએ છીએ અને એની કોઈ નિંદા કરતું નથી. એક આચારસંહિતા છે કે, જે માણસ હવે હયાત નથી, આપણી વચ્ચે નથી એની કોઈ દિવસ નિંદા નહીં કરવી. એનામાં જે શુભ હતું, જે સદ્‌ગુણ હતા, એની સાથે આપણા જે સારા પ્રસંગ હતા, સારી વાત હતી; એટલી જ યાદ રાખવાની. કારણ કે, હવે એ શરીરમાં છે નહીં, અને તમારે વેર વાળવું હોય તોય હવે કોની જોડે વાળશો ? મૂળ મુદ્દો જ રહ્યો નથી, એ માણસ જ રહ્યો નથી તો પછી એની બૂરાઈ કર્યાનો અર્થ શો છે ? એટલે આપણા સમાજનો, સંસારનો, વ્યવહારનો રિવાજ છે કે, જે દેવ થઈ ગયો છે, જે આપણી વચ્ચે રહ્યો નથી એની આપણે ભૂંડાશ કરતા નથી, એની નિંદા કરતા નથી.

તો હવે શું કરવાનું ? તો જે આપણી ભેગો રહ્યો છે એની વાતો કરો. એટલે આપણને નિંદા, ખટપટ, અભાવ ને અવગુણમાં મજા આવે છે. કારણ કે માથે જડ્યા છે અને રોજ ટિચાય છે, એટલે શું કરીએ હવે ? એટલે એટલો બધો અભાવ આવી જાય છે કે, ના છૂટકે અહીં આવી ભગવાનને પ્રાર્થના કરીએ કે, આ જન્મે મળ્યા તે હવે આવતે જન્મે ના મળે. ત્યાં સુધીનું આપણને થઈ જાય છે. એવું કેમ ? કારણ, પ્રગટ છે અને પ્રત્યક્ષ છે એટલે પચાવવો બહુ અઘરો છે, જીરવવો બહુ અઘરો છે, જાળવવો બહુ અઘરો છે.

ગઈ કાલે વાત કરી હતી એમ, સત્પુરુષ મનુષ્ય શરીરમાં છે, આપણા જેવા છે, આપણા ખભે હાથ મૂકીને વાત કરે છે, આપણાં સુખ-દુ:ખમાં ભાગ લે છે એટલે આપણે માની લીધું કે, એમને પણ આપણી માફક જ સંસારમાં આટલો બધો રસ છે. એ આપણને સંસારથી ઉપર ઉઠાવવા માટે આપણા સંસારમાં રસ લે છે. પણ આપણે આવું સમજી લીધું છે એટલે આપણે એમની આગળ આવીને આપણા જ સંસારની - તનની, મનની, ધનની અને એવી જ બધી વાતો કરીએ છીએ.

દાદુકાકાને ફરીથી યાદ કરું અને એમના શબ્દોમાં કહું તો, આપણા સંતાને બગાડેલાં બાળોતિયાં આપણે એમની પાસે ધોવડાવીએ છીએ. બહુ હલકો શબ્દ વાપર્યો છે, પણ મેં સાંભળેલો છે. અને, તોય તેઓ એ હોંશે હોંશે ધુએ છે. આટલા પ્રેમથી તેઓ આપણી સાથે રસબસ થાય છે. કેમ રસબસ થાય છે ? તો આપણે જ્યાં છીએ ત્યાંથી બહાર કાઢવા માટે, ઉપર ઉઠાવવા માટે, ઊર્ધ્વગતિ કરાવવા માટે અને પોતે જે સુખ લઈ રહ્યા છે તે સુખના ભોક્તા આપણને બનાવવા માટે તેઓ આપણી ભૂમિકાએ આવીને, આપણા જેવા થઈ જાય છે. એટલે આપણે ભ્રમણામાં પડી જઈએ છીએ કે, એ પણ એવા છે. પાછું શરીરથી પણ એવું બતાવે. એમને પણ થાક લાગે, ભૂખ લાગે, ઊંઘ આવે, એમને

પણ કશુંક ભાવતું હોય એવું તેઓ બતાવે અને કશુંક જોઈતું હોય તે હક્ક કરીને માગે; એટલે આપણે માની લઈએ કે, આપણા જેવા છે. એટલે આ પ્રત્યક્ષની વાત છે એ ઝટ પચ પડે એવી નથી.

'અરે, એવું તે કંઈ હોતું હશે ? માણસને થોડો કંઈ ભગવાન કહેવાય?' માણસને ભગવાન કહેવો બહુ અઘરું છે. પણ આપણે એમને ભગવાન કહેતા નથી, અને આપણે એવું કહીને એમને દોષમાં પાડવા નથી. એમને ભગવાન કહીને આપણે તો દોષમાં પડીએ જ છીએ. પણ તેઓ ભગવાનના છે. અને તેઓ ભગવાનના છે તો તેઓ માયાના નથી એવું સમજાય છે ? આપણે માયાના છીએ, માયિક છીએ અને તેઓ માયાના નથી, તેઓ ભગવાનના છે ને દિવ્ય છે, એટલે એમનો જન્મ અને કર્મ બધું દિવ્ય છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી, 'આપણે તો ભગવાનના છીએ પણ માયાના નથી.' આ વાત નાનપણથી પાકી કરો.

વૈષ્ણવી પરંપરામાં 'મધુરાષ્ટકમ્' એ નામનું એક બહુ સુંદર પદ રચેલું છે. એમાં મૂર્તિનું વર્ણન છે કે, તારી વાણી મધુર છે, તારું હાસ્ય મધુર છે, તારું બધું મધુર છે. 'મધુર' એટલે મધ જેવું ગળ્યું, ખાવું ભાવે એવું. પણ એ માટે એ રીતે દર્શન કરવું પડે. સાહેબદાદાની મૂર્તિ પર આ બધા શબ્દો લગાડો કે, તારું હાસ્ય મધુર છે, તારું મુખ મધુર છે, તારી વાણી મધુર છે અને તારું બધું જ મધુર છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની ભાષામાં કહીએ તો, એ સાકરનું નારિયેળ છે. આપણે ભગવાનને ધરાવવા માટે શ્રીફળ લઈ આવીએ છીએ તો એમાં ઉપર છીલકાં હોય, પછી અંદર કાચલી હોય, પછી અંદર કોપરું હોય અને પછી એમાં મીઠું પાણી હોય. પાણી પીએ તો આંખનાં ચક્ષ્માં ઠરી જાય. ભગવાનની કેવી રચના છે ! પણ તોય એમાં ત્યાગભાગ છે. આપણે શું લઈએ છીએ ? આપણે મધુર પાણી પીએ છીએ, મીઠું મીઠું કોપરું ખાઈએ છીએ અને કાચલી ફેંકી દઈએ છીએ, ઉપરનાં છીલકાં ફેંકી દઈએ છીએ. પણ આ તો સાકરનું નારિયેળ છે, એટલે એનાં છીલકાં પણ સાકરનાં, એની કાચલી પણ સાકરની, અંદર કોપરું પણ સાકરનું અને અંદર પાણી પણ સાકરનું. એમાં કોઈ ત્યાગભાગ છે જ નહીં. એને કહીએ દિવ્યતા ! આવું સંપ્રદાયમાં આ મોટા પુરુષને વિશે દિવ્યતાનો ભાવ લાવવા માટે આપણે પણ શ્રીફળ અને એય શ્રીફળ, પણ આપણામાં છીલકાં છે, કાચલી છે અને એમનામાં પણ છીલકાં છે, કાચલી છે; પણ બધાં સાકરનાં છે, જ્યારે આપણામાં છે તે બધાં ફેંકી દેવાનાં છે.

તેઓ મનુષ્ય શરીર ધારણ કરીને આવે છે અને મનુષ્ય શરીરની મર્યાદામાં પાંચ ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા આ સૃષ્ટિમાં વિચરે છે. પણ એમના જન્મનો હેતુ અલગ છે અને જન્મીને તેઓ જે કાર્ય કરી રહ્યા છે એનો હેતુ પણ શુદ્ધ અને પવિત્ર છે. એમના સંબંધમાં જેઓ આવે એમને ભગવાનની સાથે જોડવા સિવાય એમનો બીજો કોઈ ઉદ્યમ નથી. વાત કરે છે તો ભગવાનના ને સંતોના મહિમાની વાત કરે છે અને ઉદ્યમ કરે છે તો આપણને કેમ કરીને એમની સાથે જોડી દેવા – એનો જ માત્ર પુરુષાર્થ કરે છે, પ્રયત્ન કરે છે.

સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું છે કે, 'કોઈ સારાં વસ્ત્ર, અલંકાર લઈને આવે તો અમે પ્રેમથી ગ્રહણ કરીએ છીએ, કોઈ સારી ખાવાની ચીજ લઈને આવે તો વખાણીને અમે ખાઈએ છીએ, પણ રખે માનતા કે, અમારામાં રસાસ્વાદ છે. રખે માનતા કે, અમારામાં રજોગુણ છે.' આ બધી વાતો આગળ બીજાં વચનામૃતોમાં આવે છે, પણ જ્યારે આપણે એમને નિષ્કામી, નિર્લોભી, નિર્માની, નિર્સ્નેહી માનીશું તો આપણે પણ આ પંચદોષથી રહિત થઈ જઈશું. એક માત્ર ભગવાન જ, ભગવાન સિવાય બીજી કોઈ ઇચ્છા નહીં ! પણ એ કેવી રીતે થાય ? તો ભગવાન સંબંધી જે કંઈ પણ ક્રિયાઓ હોય એની સાથે આપણે જોડાઈએ તો ધીરે ધીરે આપણી પાંચેય ઇન્દ્રિયો પણ ભગવાનની સાથે જોડાતી થાય. ભક્તિમાર્ગ એ ભગવાનની મૂર્તિ સાથે અને ગુરુની સાથે જોડાવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે.

ભગવાનની માનસી પૂજા આપણા સંપ્રદાયમાં છે. ભગવાનને ઉઠાડ્યા, ભગવાનને સ્નાન કરાવ્યું, ભગવાનને વસ્ત્ર પહેરાવ્યાં, ભગવાનને ભોગ ધરાવ્યા, માનસીમાં કરોને બધું ! અને અષ્ટપ્રકારની મૂર્તિમાં એક મૂર્તિ છે – કલ્પનાની મૂર્તિ, કે જે તમે ચિત્તમાં ધારી છે કે, ભગવાન પોઢ્યા છે, હું ભગવાનના પગનો અંગૂઠો સહેજ ચાંપીને કહું છું કે, 'ઊઠો ઊઠો! સોનાનાં નળિયાં થયાં.' પછી ભગવાન ઊઠે છે. આવી માનસી કરવામાં શો વાંધો !? એવી માનસી પૂજામાં એક ભગત ભગવાન માટે શીરો બનાવી રહ્યા હતા અને ઉત્સાહમાં થોડુંક ઘી વધારે પડી ગયું, તો કાઢવા માંડ્યા. તો ભગવાન કહે, 'તું શું કરે છે ?' તો ભગત કહે, 'ઘી વધારે પડી ગયું છે તે કાઢું છું.' તો કહે, 'આ માનસીમાં પડ્યું છે, ક્યાં તેં સાચેસાચ નાખી દીધું છે?' માનસીમાં પણ આપણે ચીજવસ્તુ વાપરવામાં આટલી બધી કરકસર કરીએ છીએ. એના બદલે, એય તમારે જે જમાડવું હોય એ જમાડોને ! એવો ભાવ કરવાનો છે. અને જો ભગવાનને ભાવથી જમાડવાના હોય તો શું કરવા લુખ્ખું–સૂકું પીરસીએ ? એય રસબસતાં ને ભાવતાં ભોજન જ ભગવાનને ધરાવીએને !

સ્વામિનારાયણ સંપ્રદાયની બીજી પ્રચલિતતા છે ભોજનની સમૃદ્ધિ! અરે, આપણા થાળ તો તમે જુઓ, કેટલી બધી વાનગીઓ હોય છે ! થાળમાં ઘેબર, સાટા, જલેબી ને કેટલાં બધાં નામ ! ભગવાનને ભાવથી જમાડવામાં સહેજ પણ ગરીબ થવાનું નહીં. એય

પ્રેમથી ભગવાનને જમાડવાના ! એ આપણી મૂર્તિ છે, જે આપણે ચિત્તમાં ધારી છે, માનસી પૂજામાં ધારી છે. અષ્ટ પ્રકારની પ્રતિમામાં આ પણ એક પ્રતિમા છે કે, જે આપણે આપણા ચિત્તમાં ધારવાની છે અને આપણે એની માનસી પૂજા કરવાની છે. પણ, હું જ્યારે શિખંડ જમું ત્યારે મને સાહેબદાદાની સ્મૃતિ થાય છે ? કે, સાહેબદાદા જમો ! હું નથી જમતો, તમને જમાડું છું ! આવો ભાવ થવો એ મૂર્તિ પ્રત્યક્ષ થઈ કહેવાય. માનસીમાં જમાડો ને શિખંડ સાહેબદાદાને ! ભલેને ડૉક્ટરે ના પાડી, ભલેને સેવક રોકતો. એ સાહેબદાદા સાક્ષાત્ મારામાં બિરાજમાન છે ! અને આવા અમે યોગીજી મહારાજને જોયા છે. કોઈ પણ વાનગી પોતે જમે તો બોલે, 'હે મહારાજ જમો ! હે શાસ્ત્રીજી મહારાજ જમો !' શરીર સંબંધી ક્રિયાઓ કરે ત્યારે સ્નાન કરતા પણ જોયા છે. 'હે મહારાજ નહાવ ! હે શાસ્ત્રીજી મહારાજ નહાવ ! હે પાંચસો પરમહંસો નહાવ !' પાણી પોતાના શરીર પર ઢોળે છે, પણ શરીરનો ભાવ જ નથી. સતત સ્મૃતિ છે કે, મારામાં રહેલા મહારાજ સ્નાન કરી રહ્યા છે, મારામાં રહેલા મારા શાસ્ત્રીજી મહારાજ સ્નાન કરી રહ્યા છે. હું એમને સ્નાન કરાવી રહ્યો છું, હું તો છું જ નહીં. અને આ – 'હું ટળે, હરિ ઢૂંકડા !' હું ટળી ગયો, હું છું જ નહીં – શાસ્ત્રીજી મહારાજ સ્નાન કરી રહ્યા છે. આ થઈ પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસના !

જેવી પરોક્ષ દેવને વિશે અને પરોક્ષ સંતોને વિશે પ્રતીતિ છે, તેઓને માન્યા છે, પૂજ્યા છે ; તેવું પ્રગટ અને પ્રત્યક્ષ ભગવાન અને ભગવાનના સંતનું માહાત્મ્ય કરવું એ મુદ્દો છે ! પ્રગટની ભક્તિની વાત આ 'મુદ્દા'ના 'વચનામૃત'માં જે કહી છે, તેમાં મુદ્દો એવો છે કે, જે આજે સમજો કે લાખ વર્ષ કેડે સમજો, એક વાર કહ્યે સમજો કે લાખવાર કહ્યે સમજો, પણ સમજ્યા વગર છૂટકો નથી. એટલે હું પણ વારેવારે રિપિટેશન કર્યા કરું છું. તો જે ડાહ્યા સંતો છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતને જ કલ્યાણના દાતા માને છે ! 'દાતા' એટલે દેનારા, કલ્યાણના દેનારા.

'દેતો દેતો ને દેતો જોગીડો દેતો, દેતો ને દેતો !' કવિ દુલા કાગ યોગીજી મહારાજ માટે આ કાવ્ય રચે છે અને તેમાં બહુ સુંદર કહે છે. કોઈની ભેંસ દૂધ ના દેતી હોય તો આવીને યોગીજી મહારાજ આગળ પ્રાર્થના કરે કે, 'અમારી ભેંસ દૂધ નથી દેતી.' તો યોગીબાપા કહે, 'કરો ધૂન !' અને આશીર્વાદ આપે તો દૂધ નહીં દેતી ભેંસ, દૂધ દેતી થઈ જાય. કોઈને ત્યાં સંતાનમાં દીકરો નથી તો યોગીજી મહારાજ પાસે આવીને પ્રાર્થના કરે કે, 'સંતાનનું સુખ નથી.' તો દેતો, દેતો ને દેતો. એટલે દુલા કાગે એમની કીર્તનની કડીમાં લખ્યું છે, 'દૂધ દેતો, દીકરા દેતો, દેતો દેતો ને દેતો, બદલામાં કાંઈ ના લેતો, જોગીડો દેતો દેતો ને દેતો.'

આ સંતનું માહાત્મ્ય છે ! એ જ યોગીજી મહારાજને આત્મસાત્ કરીને ગુરુહરિ સાહેબદાદા પણ અત્યારે વર્તમાનકાળે આપણા સૌની વચ્ચે જીવી રહ્યા છે. યોગીબાપાનો આવો મહિમા હતો, છે અને સદાય રહેવાનો છે. પણ એ જ યોગીબાપાનું અત્યારે વિચરતું સ્વરૂપ મને સાહેબદાદાના રૂપમાં મળ્યું છે, એવું માનીને સાહેબદાદાને સેવવા એ યોગીબાપાને સેવ્યા બરાબર છે ; એ થયા પ્રભુ પ્રગટ અને પ્રત્યક્ષ છે ! અને સાહેબદાદા કદી યોગીબાપાને ગૌણ થવા દેતા નથી. કદી યોગીબાપાની મૂર્તિ વિશેનો જે ભાવ છે તેમાં ઓછપ આવવા દેતા નથી. એમને મન એમના ગુરુ યોગીબાપા સદા દિવ્ય છે ને પ્રગટ છે ! તેઓને સંભારે એટલે સાક્ષાત્ પ્રગટ થાય છે ! એવો ભાવ આપણને થયો છે ? અને એ કરવું છે એ મુદ્દો છે.

**...અને એટલો જેને દઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં... જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તો પણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહીં. માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે...**

સ્વામિનારાયણ ભગવાને આપણા વતીથી મહેનત કરીને, સર્વ શાસ્ત્રને સૂરત દઈને સાંભળીને, એમાંથી જે મૂળભૂત સૂત્ર હતું એ શોધી, સંશોધન કરીને નવનીત સ્વરૂપે આપણને આપ્યું છે. એવી પ્રગટની વાત સ્વામિનારાયણ ભગવાને આ મધ્યના ૨૧મા 'વચનામૃત'માં 'મુદ્દા' રૂપે કહી છે.

આવું જે જીવી રહ્યા છે તેવા આપણા પ્રભુ, આપણા ગુરુ અને એમને સેવીને, સંસારમાં રહીને પણ સંસારથી વિરક્ત થઈને સંસારના ભાવથી જેઓ ઉપર ઊઠી ગયા છે એવા ઘણા બધા ગૃહસ્થોને અમે અમારા સમયમાં જોયા છે. અને આપણા સમયમાં, આપણી વચ્ચે પણ એવા જે ભક્તો છે, એવા જે સંતો છે અને એવા જે પ્રભુ છે ; એમનું માહાત્મ્ય આજે સમજો, કે લાખ વર્ષ પછી સમજો, એક વાર કહ્યે સમજો, કે લાખ વાર કહ્યે સમજો પણ એ સર્વ શાસ્ત્રનું રહસ્ય છે અને મૂળ મુદ્દો છે ! આખું 'વચનામૃત' ના વંચાય તોય આટલું મુદ્દાનું 'વચનામૃત' તો અવશ્ય વાંચીએ.

ભગવાન તે જ દિવસે સાંજે ફરી પાછી બીજી સભા કરે છે, પણ આપણે આજની સભાની, આપણા આ સ્વાધ્યાયની અહીં પૂર્ણાહુતિ ભગવાનની આરતી કરીને કરીશું.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! (પૂર્ણ) ◆





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Ashirwad given at the 'Sakriya Karyakarta Shibir' arranged by Satsang Samvardhan Kendra On Sunday, 22 April 2018, at Neejanand Resort, Vaanskhilya, Khandhli, Anand.**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**Recently, understanding Sant Bhagwant Param Pujya Sahebji's *anuvrutti,* the activity of 'Aksharvrund' has been started through the 'Satsang Samvardhan Karyalaya' so that we may all come to understand the principles of Upasana, apply them in our lives and receive the blessings of our *pragat* Guruhari. During this auspicious time, it would be good to understand these blessings of our beloved Guruvarya Param Pujya Sahebji, and reflect upon them. To read them over and over again, hold onto the conviction to realize them, and attain Sahebdada's innermost *prasannata* in this way, is the sentiment that is contained within this.**

**This** one day shibir has been exceptional! Hearty, hearty thanks to all the devoted volunteers, for expressing the sentiments that you hold in your hearts; the devotion, the enthusiasm and eagerness to please God! Congratulations also for bringing in the discipline of timing and dress-code! Yogiji Maharaj liked this a lot. God is supreme, so His devotees too should be the best. Just as an elephant's baby is hefty from birth, similarly, the followers of the supreme Lord, should be supreme when it comes to following codes of conduct, disciplines and instructions. This should be done with understanding and must be applied in one's life's actions. Truly we have had *darshan* of this today.

It has been two hundred and thirty-eight years since Bhagwan Swaminarayan manifested. He was born in *Samvat* 1837, but it can be said the real Swaminarayan *sampradaya* was begun by Shastriji Maharaj and Yogiji Maharaj. The knowledge of pure Upasana[1], without any impurities, has now come to settle in society; it has now become established and it is to understand this that we gather.

Gunatitanand Swami has said in his *Vaato* that, on one hand an ascetic may perform the most difficult and unimaginable austerities, penances, fasts etc. and is such that he needs nothing at all. On the other hand there is the *gnani*[2] who can give exceptional lectures on the Vedas, Upanishads, Shrimad Bhagwat, Shrimad Bhagavad Gita, and captivate massive audiences with his or her eloquent oratory, but if either of these do not have purity in their Upasana, then they have no chance of Akshardham. Whereas, even if one is a householder or in every way a mediocre devotee, it does not matter because if their Upasana is pure, then they have entry to Akshardham. Gunatitanand Swami has spoken so highly of the *mahatmya*[3] of pure Upasana.

Bhagwan Swaminarayan himself used to say, we have come into this world - we have manifested to remove you from the ignorance of the causal body, to enlighten you, to

**[1] Upasana refers to both philosophy and practice, and one of the fundamental tenets of pure [Akshar Purushottam] Upasana is the belief that God is manifest on earth in human form.**

**[2] Literally means one who is wise.**

**[3] *Mahatmya* refers to the deep understanding of the greatness, glory and divinity of God [and his Santo and devotees].**

remove you from the cycle of birth and death, to remove the root ignorance of the *jiva*[4] and enable you to live in the joy, peace and bliss of Akshardham while in your present physical state. And for this, we have brought *Mul-AksharBrahma*[5] Gunatitanand Swami with us. The place where I reside is Akshardham, and that is *Mul-AksharBrahma*, Gunatitanand Swami! Maharaj mentioned this so many times and in so many places and would say, 'Only if you come to recognise and accept the Sadhu, will you come to know me. The gateway to liberation will only be opened if you join with the Sadhu.' From page to page in the *Vachanamrut*, Maharaj has spoken of the glory of Santo. He said all of this, but people were not able to grasp it.

Bhagatji Maharaj has truly obliged us and graced us, and even more so was Gopalanand Swami's immense grace upon Bhagatji Maharaj! Gopalanand Swami was himself an *Ashtang-yogi*; his spiritual power was such that whatever he spoke came to pass. He was one who had earned Bhagwan Swaminarayan's immense grace. He was the head even to the *Acharya's* of both *gadis*[6]. Bhagatji Maharaj, Jaga Swami, Shivlal Sheth were all joined to satsang through exceptional love for Gopalanand Swami; they were so deeply bound to him that they could not live without him. To all those disciples who were so close to him, Gopalanand Swami said, 'I am now going to renounce my physical body. Whatever I have spoken to you about; whatever I have promised you, will be fulfilled by the Jogi of Junagadh; so go and stay with him, and please him.' Gopalanand Swami gave his disciples the recognition and association of Gunatit. Gopalanand Swami had attained the *mukt* state and that is why we place his *murti* alongside Gunatitanand Swami's as *Anadi-mahamukt* Gopalanand Swami.

Bhagatji Maharaj served Gunatitanand Swami as per Gopalanand Swami's *aagna*[7] and attained Gunatit's innermost *prasannata*[8]. Bhagatji genuinely came to experience Gunatit as being *Mul-AksharBrahma*; he realized this and started speaking about it openly. For this, he endured extreme hardship. Bhagatji was a tailor by caste, so he was given primary initation in white-clothes. He had not studied Sanskrit or anything like that, but because he was a Sant that carried God within him, his presence would make such a deep impression on people. But what of it? It became known as *khuniyu-gnan. Khuniyu-gnan* meaning, after a big sabha would disperse, two to five people would sit in the corner and discuss in a way that no-one else could hear; otherwise they would get beaten up! That is why in Bhagatji Maharaj's time, the talk of Akshar Purushottam Upasana was limited to barely five to twenty-five people, and that is what people used to call, '*khuniyu-gnan'.* It was something that could not be spoken of publicly in sabha. But Bhagatji Maharaj's vision pierced everything; he could recognise each soul. He saw Shastriji Maharaj and selected him.

It is a known that when Bhagatji Maharaj saw this 18 – 20 year old youth in Surat, he said, 'Yagnapurush! Are you a Swaminarayan satsangee?' Shastriji Maharaj said, 'Bhagatji Maharaj what are you saying? I am not just a satsangee, but as you can see I am a saffron-robed Swaminarayan sadhu. Why are you saying this?' Then Bhagatji said, 'No! You are a satsangee of Narayan – not of Swaminarayan. Without believing Gunatitanand Swami to be the incarnation *Mul-AksharBrahma*; without accepting Gunatitanand Swami as *Mul-AksharBrahma* no-one can become a devotee of Swaminarayan.' Then Bhagatji spoke to him of the glory of Gunatitanand Swami.

We know this whole *prasang*, where Shastriji Maharaj hid under the cot and listened to the whole conversation between Bhagatji Maharaj and Vignanand Swami. Vignanand

---

**[4] *Jiva* is often used synonymously with the word *atma*, meaning the soul. But here it specifically refers to the individual embodied soul i.e. the soul still bound by *maya.***

**[5] *Mul-Aksharbrahma* refers to the highest entity after Purushottam (the Supreme Lord). It is eternal, and independent. In its impersonal form it is the abode of God, and in its personal form (i.e. Gunatitanand Swami), is exactly like God, but forever subservient to God.**

**[6] Bhagwan Swaminarayan created two administrative seats to oversee the entire Satsang community; these are referred to as the Gadi's, namely Amdavad Gadi and Vadtal Gadi, and the respective administrative heads are referred to as Acharya's.**

**[7] Any instruction given by God or Guru, which is always for our spiritual benefit.**

**[8] When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata.***

Swami told Bhagatji Maharaj, 'Bhagatji Maharaj – what you are speaking of is 100% true. Bhagwan Swaminarayan has told us, has told the *paramhansas'* and the sadhus many times that this Gunatitanand Swami is the incarnation of *Mul-AksharBrahma*, and we have brought him with us from Akshardham. We needed him here to remove the root ignorance of the *jiva,* and to help remove people's causal body and make them *Akshar-roop*, and that is why we brought him with us.' Hearing this Shastriji Maharaj emerged from under the cot! And then Vignanand Swami said, 'What Bhagatji Maharaj has been saying is 100% true, but at that time it was difficult even to say that Bhagwan Swaminarayan is supreme, so talking about this was out of the question.'

Gopalanand Swami once fell ill. He resolved he no longer wanted to remain on earth, so he took on an illness. He was an *ashtang-yogi*, and so death was in his control, but he could not renounce his physical existence without Maharaj's permission and so he prayed to Maharaj to please take him. Bhagwan Swaminarayan gave him *darshan* and said, 'Gopalanand Swami! You must go and spread the message of my supremacy in Gujarat, in the same way that Gunatitanand Swami has done.' Gopalanand Swami knew of Shreeji Maharaj's supremacy, but because society was not ready to hear it, he had not spoken about it. But now it was Maharaj's *aagna*. Following this, there was a big sabha in Umreth. During that time Umreth was a village populated by Brahmins and it was a centre for the study of Sanskrit. During that big sabha, Gopalanand Swami spoke so much of Bhagwan Swaminarayan's glory and supremacy. But this talk led to so many sadhus and devotees having diahorrea! They just could not accept this! Just think about it! How difficult it must have been for them? But Gopalanand Swami did not budge in the slightest and publicly sang the glory of Bhagwan Swaminarayan in full force! It was after this that Maharaj allowed Gopalanand Swami to leave his physical frame and took him to Akshardham.

Vignanand Swami said, 'at that time it was difficult to even say that Bhagwan Swaminarayan is supreme. On top of that if I were to talk about Gunatitanand Swami as being *Mul-AksharBrahma* then devotees would pick me up and drop me back to my village; they would not let me stay here and that is why we were not speaking about this.' At that very moment, Shastriji Maharaj made a resolution that from now onwards my life is for pure Upasana. We have all seen the result of Shastriji Maharaj's resolve and what exceptional work has taken place!

It could be said that the real start of the Swaminarayan Sampradaya happened with the propagation of pure Upasana. Swami and Narayan - Akshar and Purushottam. Swami, meaning *Mul-Aksharbrahma* Gunatitanand Swami and it is only when you attain that state of being; when you become at one with him, that you become eligible for God's *seva.* To sit in front of the *murti* and do *pooja* is ritual. Whereas if you genuinely want to become eligible to carry out the Lord's *pooja*, then you will have to accept *Mul-Aksharbrahma* Gunatitanand Swami or join with a sadhu who has attained that state, with *atma-buddhi* and *preeti*[9]. What rights do you get? To perform *pooja*, to pray, to discourse – all of that is there, but the highest *seva* is to grant God's *seva* to all beings, purify them and join them to God – and that is the eligibility that he wants to give us. And for that, one has to understand the pure Upasana of Akshar Purushottam.

Shastriji Maharaj was extremely occupied, building large *shikharbaddh* mandirs every few years, in Bochasan, Sarangpur Gondal, Atladara, Gadhada and instating the *murtis* of Shri Akshar Purushottam Maharaj in the central shrines'. He wanted to lay unshakable foundations for pure Akshar Purushottam Upasana and so he was constantly engaged; he had to constantly rush around for manpower, money, bricks and food. There were very few Santo and devotees, but they were ones who had genuinely surrendered to Shastriji Maharaj. In all of this rush, there was no time to sit and listen to any discourse of Gurudev Shastriji Maharaj. Periodically, Shastriji Maharaj would hold and speak at *parayans*, but everyone could not be there, and so even though devotees stayed with him, they had no idea of the scale and immensity of the mission that Shastriji Maharaj had embarked on. Shastriji Maharaj instated the deities of Akshar Purushottam Maharaj in the central shrine and through that, made Akshar Purushottam Upasana eternal. In 1951, from the minute that Shastriji Maharaj renounced his physical

[9] ***Atma-buddhi* and *preeti* means to love the Satpurush as one's own soul, and thereby refers to a bond of inseparable loving association.**

existence, Yogiji Maharaj started the work of establishing that Upasana in the hearts of all. For that, he caught hold of the youth, and joined divine beings like Kakaji, Pappaji and Harsadhbhai in this work.

Today, whatever devotion Ashvinbhai, Shantibhai, Ratibhai, Sanandbhai, V.S. and everyone have carried out and are carrying out is all by Yogiji Maharaj's grace, and through the association of Mahant Swami, Hariprasad Swami, Kakaji, Pappaji; who lightly and laughingly got us to understand pure Akshar Purushottam Upasana. The fruit of this was that we gained their *prasannata* and became powerless to take the worldly route. When you join with a Satpurush out of *atma-buddhi* and *preeti* then your soul becomes *brahmaroop*. If you join with Ashvinbhai, Shantibhai, Ratibhai or Harshadbhai and have love for one such sadhu, such that you feel, 'I am yours and you are mine,' then your soul becomes *brahmaroop*. When this happens, the ignorance within the soul dissolves and the soul becomes illumined. How? In the same way that when one puts their hand over the light of a torch, the torch is still on, but one cannot see the light - it gets blocked, and so the darkness does not go. But if you move your hand away, there is light! In this way, *Parmatma* – the supreme Lord is certainly seated within one's soul, but there is a layer of *maya* between the soul and *Parmatma* and for that reason the illumination of the Lord seated in one's soul is not visible, and therefore is not able to illumine the physical body. When that layer of *maya*[10] moves aside, then one's physical being is illumined. When one has *atma-buddhi* and *preeti* for the Satpurush, it causes the layer of *maya* to move and consequently the ignorance attached to the soul dissolves, the darkness goes and the soul is illumined. But the physical body within which the soul resides, has not yet become *Brahmaroop*. The physical body has its desires, its intellectual world, its experiential consciousness, its own notions, beliefs, judgements; and all of these, in the form of one's senses and one's mind, intellect, consciousness and ego, do not permit one to enjoy the peace and bliss of God. These need to be transformed.

What Gunatitanand Swami said in his *Vaato* is 100% true, 'For the *jiva* to successfully walk the path of God, one needs to have affection for two genuine sadhus and three such devotees.' The process of Akshar Purushottam Upasana is such that it automatically shifts the root ignorance within one's embodied soul, and then the inner sentiments and inclinations of the body begin to change. Then no matter how many tantrums you may have, you will not be able to diverge from the path of God, and even if you go, you have to come back! Just as Gunatitanand Swami has said, 'no matter with how much force you throw a stone up into the sky; if you throw it really hard, then it will go really high – but because of the laws of gravity, no matter how high it goes, it has to come down to the ground! Similarly, once one has *atma-buddhi* and *preeti* for the Satpurush, then no matter where he goes, he will always stay in satsang; he will not be able to go anywhere else. That is the pure Upasana that Shastriji Maharaj has established and spread. The satsang that comes from something we have heard, or from experiencing or hearing of some miracles, can vanish at any time and you won't even know it, but the satsang that happens from having *atma-buddhi* and *preeti* for the Satpurush, is permanent; it is satsang of the *jiva*! No matter what situations, no matter what circumstances, no matter whatever arises, but it will not allow us to budge from satsang.

In this sense, that is why it can be said the Swaminarayan Sampradaya started with the propagation of pure Upasana. And now new chapters have been added to this. Pujya Mahant Swami has given the *brahmasutra*: *'Aksharam aham, Purushottam dassosmi'* – meaning, 'I, who am *Akshar*, am the *das* of Purushottam.' We have added a couple more words to this, '*Aksharam aham pragat Purushottam swaroopasya dassosmi,'* – meaning, 'I, who am Akshar, am the *das* of my Guruhari who is the manifest *swaroop* of Purushottam.' I am the *das* of the sadhu through whom we have God's manifest presence; who is the manifest *swaroop* of Akshar Purushottam. That means, 'I am *Akshar*; my soul is the Satpurush and I want to carry out devotion to the manifest Lord.' To carry out devotion to the manifest Lord means, to live in his *aagna* and by his *aagna*, in carrying out all activity. That is what you call a *das.* To live and act according to the Satpurush's *aagna* is true devotion. If you were to take just a glance into Mahant Swami, Hariprasad Swami, Pramukh Swami, Kakaji, Pappaji, Ashvinbhai, Shantibhai, Ratibhai,

[10] ***Maya* means anything which distances one from God, or acts as an obstacle to reaching God.**

Sanandbhai's lives – then you will certainly be able to see this. Once they had connected with Yogiji Maharaj with *atma-buddhi* and *preeti,* whatever *aagna* Bapa gave, they simply executed without thinking a single thought; that is what it means to have become the *das* of the Lord. If you were to look, they brought Bapa's *aagna* into their lives' every action. They were so intelligent, but they used that intelligence to please Bapa.

You must remember the five steps of Akshar Purushottam Upasana. Firstly, 'who is the All-Doer?' – It is the Lord whom I have attained! 'What is He like?' – He is with form and He is physically manifest. 'Where is He?' – He is within the Sadhu who has attained *Gunatit-bhav*. 'So what should one do?' – Put your two hands together and follow his *aagna.* 'What is our *sadhana*?' – To carry out devotion with *nirdosh-bhav*[11] and *suhrad-bhav*[12] for all those who have His association. That's it! That is the end! Easy, isn't it? Do you need to study the *Vedas* or the *Upanishads* for this? Do you need to study the Sanskrit language? Do you need English? It is easy, but human beings find the easiest things the most difficult. Instead they go and do the difficult things, but will not do that which is easy. Man is not able to do this easy thing.

The article which came with this *mantra* given by Mahant Swami, has a wonderful start. It reads, 'Life is always clouded by some problem or the other.' All of us sitting here, whether you are a householder or a sadhu, whether you reside in the jungle or in the city, in America or India, or in Panch-Mahal or Mumbai, whether you are educated or illiterate, male or female – no matter who you are or where you are from, life holds some problem or another. Those who are in business have their own problems, and those who are employed have theirs; those who have renounced the world have their problems, whereas householders have theirs; in this way, from person to person there will be different sets of problems.

[11] **The inner feeling and conviction that God and all of God's devotees are faultless.**

[12] ***Suhrad-bhav* is an intricate concept. It originates from hrday – meaning heart so *suhrad* or *suhraday* literally means 'one heartedness'. *Suhradh-bhav* is the feeling of unparalleled harmony and one-heartedness with everyone, regardless of however they act towards you, and regardless of circumstance or situation.**

For example, even in the most ordinary discussions, we become so heated. We become unsettled in the small situations faced in the community or in the family. If something happens at home, at work, in our family or in the community – even though the happening is so trivial, we become disturbed. We constantly feel alone. Even though we are surrounded by people, we feel loneliness; we feel fear. Many feel like they are possessed by something. Some feel they are being attacked by tantric or dark practices. Or people will say, 'I have the habit of only doing as I will. I am filled with faults but I am not able to get rid of them. I know what the good virtues are but I can't seem to apply them in my life. I want to do dhun but I don't like to do it. Devotion seems useless.' In this way, there are countless types of problems. As a result, we constantly experience difficulty, or suffering within.

This life, which is clouded with all sorts of problems, is also filled with the immense potential to elevate, pacify and make life joyful. In spite of what life is like, to experience supreme peace, supreme joy and supreme contentment is all possible. 'From today, I would like to become more humble, I would like to cultivate *das-bhav*, I would like to do *seva* with pure sentiments, would like to please God, would like to please Guru, would like to live within the confines of *dharma*, would like to understand life through devotion, would like to become courteous and considerate, would like to establish peace within my family, would like to cultivate unity etc.' In addition to everything that happens in our life, we also make good, true and elevated resolutions that are possible to reach.

'*Aksharam aham pragat Purushottam swaroopasya dassosmi'* – I as Akshar, am the *das* of my manifest Guru-roop Hari. This *mantra* is the supreme solution to all of our problems. It is the life-giving essence to elevate and bring peace to our lives. It is a mine-field of strength to fulfill the most elevated resolve. Within this *mantra*, is *tatva-gnan*, our *sadhana* and the essence of liberation. That is how exceptional this *mantra* is. Ensure that you speak this *mantra* in your daily pooja. Repeat after me, '*Aksharam aham pragat Purushottam swaroopasya dassosmi. Akshar evo hu, pragat Purushottam swaroop, Guruhari no das chhu.'*

If we understand Upasana purely and attain the essence of this *mantra*, then not just within our spiritual life, not just within the community, but the majority of all disturbances that happen within us, will automatically dissolve. Remember! By bringing *Mul-AksharBrahma* Gunatitanand Swami with Him, Bhagwan Swaminarayan has showered us with such immense grace! Gunatitanand Swami has said, 'previously, people would get beaten if they worshipped God.' To surrender to God, one would have to endure getting beaten? We feel so surprised when we hear this today. Gunatitanand Swami said, 'whereas today, you can sit comfortably on a luxurious bed, eat sweets and worship God.' Just think about this! In another *Vaat,* Gunatitanand Swami has said, 'If someone were to do the work of ten men and bring *seva* of ₹100,000 for the mandir daily; but if that person goes about saying, 'so and so is like this and so and so is like that,' then we do not like him at all. And even if we try and be loving towards him, we are not able to. But if there is a devotee, who sleeps all the time, does nothing, but simply sings the *mahima* and virtues of me, my Santo and my devotees, then no matter where he may be, I would ensure he is fed, and that there are five people in his care.' See! Who would you choose if you were given a choice? But are we able to do this? It is difficult. Just think about it, Gunatitanand Swami's *vaato* are exceptional, but who is actually applying these *vaato* in their lives?

Gunatitanand Swami said in another *Vaat,* 'If while constantly doing bhajan, you perform all your activities, then your inner being will remain peaceful.' What is the reason of the unrest, agitation or disturbance you feel within? It is because we are not doing dhun. Has he asked you to start fasting or renounce the world? But from the moment you are aware, in whichever activity you do, start Swaminarayan… Swaminarayan… Swaminarayan… from within… do bhajan! If while constantly doing bhajan, you perform your activities, how does that keep one's inner being peaceful? If while constantly doing bhajan, you perform your activities, then you will remain detached from the action, you will not become bound by it. And when the activity is done, you will forget it and if it leaves no impression on you, then there is only joy. What an exceptional and incomparable weapon, Bhagwan Swaminarayan has given us through the 'Swaminarayan' *mantra*!

It is my prayer to all the volunteers, that we want to take on another campaign – that of *'mantra lekhan'*! Everyone must write one page of *mantra* per day. It takes 15 to 18 minutes to write one page. Many people who have time may write two sides of *mantra*, but at the very minimum, everyone must write one side of *mantra*, and chant 'Swaminarayan… Swaminarayan…' as you write. Take on this campaign of dhun. Secondly, every month at every centre, have a programme for dhun. It does not matter how many people come or not, but do dhun. Many people think, but in our mandal sabha we have only fifty people attending, and if we have a dhun programme, then not so many people come. So how do we keep count? This bhai has not come and that bhai has not come. But you are not considering the people that are there attending, and instead you are counting all of those that are not attending… if you do this, then the impact of dhun diminishes. So do not do this. However many come, God's grace will certainly, certainly, certainly be showered upon them! But do not make a note of who has not come to do dhun.

Have you heard the name of Nirgundas Swami? As part of BAPS, and in the propagation of pure Upasana, Yogiji Maharaj was certainly there with Shastriji Maharaj, but the third person was Nirgundas Swami. He was a Patidar from the village of Peej, and he had graduated as an Engineer from Kala Bhavan in Baroda. He had the association of Bhagatji Maharaj and so he had great *mahima* for Bhagatji Maharaj; but he was studying so he would not get much time. For that reason, if some devotee would be going for Bhagatji Maharaj's *darshan*, and would have stayed with Bhagatji Maharaj for a few days, he would go to Peej station to collect them and to meet them. From the Peej station, one would have to walk to the village, and so *goshthi* would take place as they walked, and then when dropping them off home, there would be *goshthi* again. 'What did Bhagatji Maharaj talk about? What was Bhagatji Maharaj doing? What was Bhagatji Maharaj eating? How was Bhagatji Maharaj sitting? What was Bhagatji Maharaj wearing?' Nirgundas was very intelligent, so he would ask all of these questions, and it would serve as revision for the devotee! In this way, he became Bhagatji

Maharaj-*roop* and joined in Shastriji Maharaj's army. The satsang that took place in Africa, England and America happened without anyone going there. Nirgun Swami carried out this satsang entirely through his letters!

Similarly, we must go into the mandals and speak and carry out discourse. If someone has come from Vidyanagar, or has come after meeting Ashvinbhai, Shantibhai or Ratibhai, or has gone and come from Khargar mandir, or to a samaiyo – then one must ask them to speak. It does not matter whether the person is an orator or not, in whichever way they speak, but we must get them to do *smruti*. And this is something we too want to go and share in our sabha. 'Maintain *samp* – *suhradh-bhav* and *ekta*, and do your work in a spirit of harmony.' We want to learn this *mantra* and bring it into our actions.

Pure Upasana means the Upasana of *sakar* and *pragat*[13], and that we have attained that Lord through the Satpurush. We want to live by his *aagna* and believe all who are associated with him as being divine and faultless, not with *sevak-bhav* but with *dasatva-bhav*. One who is a *das* has no expectations. If you perform *seva* with only God at the forefront, then *dasatva-bhav* will come, that is a guarantee! If there is *sevak-bhav*, then there is still some expectation arising from the *seva* you do, such as the expectation of some thank-you, some appreciation, one's name being mentioned, one being called to the front etc.; all of these are a part of *sevak-bhav*. But to hold the sentiment that God is eternally seated within the heart of His devotee, and it is to please that Lord seated within that I am doing this *seva.* I am doing it for my good. It is God's exceptional grace upon me for me to have the opportunity of this seva… If one does *seva* with this kind of *das-bhav*, then no expectation will remain, and therefore one will experience only joy.

Param Pujya Hariprasad Swami speaks of becoming *'dasanu-das'*. *Das* means one has no thoughts of one's own, no wishes of one's own and no expectations of one's own. The one and only thing the *das* has is the desire to please God and live as God's child. The sentiment that 'I want to live by my Guru's *aagna* and attain the *prasannata* of God' is characteristic of the *das.* That is why, 'I as *Akshar*, am the *das* of Lord manifest through my Guruhari.' What does it mean to have attained eligibility to perform His seva? What does it mean to become His *das*? It means to join people to God, wherever you go. In the entire Hindu faith, the distinctiveness of the Swaminarayan Sampradaya's Akshar Purushottam Upasana is that, no matter however much spiritual prowess you attain, however much supernatural power you gain, no matter if hundreds of thousands of people become satsangee through you, no matter if you build huge temples, or if by your command people surrender and become sadhus; but all of these are considered simply by-products. Whereas, by the *prasannata* gained through Akshar Purushottam Upasana, the greatest of all achievements is to become a *das*….meaning the inner *bhav* and conviction that, 'I am nothing; whatever you see is only my Lord,' and to become the *das* of all who are associated to Him is true greatness.

In spite of having so much, whatever has happened, is happening and will happen, is all by the grace and blessings of the Lord that I have attained. If you were to ask Ashvinbhai, Shantibhai, Ratibhai or Sanandbhai, they will say that it is by Gurudev Yogiji Maharaj's divine will, by Kakaji, Pappaji, Hariprasad Swami, Mahant Swami and such Santo's blessings and *prasannata* that all of this is happening. They never feel that it is they that are orchestrating all of this. This is what you call *das-bhav*! They believe only in God's all-doership. Believing that whatever is happening, is only by God's will and grace, they constantly sing the *mahima* of their Guru and of devotees; that is their work.

Truly let us take this away with us from this shibir that – we want to become *das*. We want to carry out devotion to God with *das-bhav*. We are nothing. To reach zeroness, means you have become *Akshar-roop.* But how does one get to zero-ness? Where does one start? The supreme essence of *Parabrahma* – in the form of Bhagwan Swaminarayan manifested in Chhapaiya in 1837, and He is eternally and certainly, certainly, certainly manifest on earth through the Gunatit sadhu; that is Maharaj's promise. Yogiji Maharaj was like this, and with Yogiji Maharaj's grace, Kakaji, Pappaji, Pramukh Swamiji, Mahant Swamiji, Hariprasad Swamiji, Mukundjivan Swamiji, Ashvinbhai, Shantibhai – all these Santo became his manifest *swaroops*. You will develop affection for one of them. Remember! They are Santo. Never,

---

[13] ***Sâkâr* means to have a physical body just like us and *Pragat* means that God is eternally present within that physical body**

ever think of the Sadhu, or one's Guru as being God. God grants *darshan* through them, gives blessings through them, accepts one's *seva* through them. Singing their *mahima* is devotion to God; it reaches God. They are a medium to go to God; and if one follows the *aagna* of one's Guru with this belief, then one will attain God's *prasannata*. In this way, we will evolve from *brahmaroop* to becoming *brahmaswaroop*.

How much did Yogiji Maharaj endure? At the age of eighty years, he would do twenty-five *padharamanis* a day, and still he did not think of this as any hardship. He would find such joy in staying with devotees. But if we do not keep *samp* – *suhradh-bhav* and *ekta*, and do not work harmoniously with each other, and fall into absolutely unnecessary ill-talk, then there is no greater hardship for him to endure than this. So let us resolve not to give this hardship. However many of us there are, we want to stay with *samp* – *suhradh-bhav* and *ekta,* and work harmoniously. We must not think that 'one must do only as I say' – rather, 'I want to please my Lord and so I want to do this work with everyone harmoniously'. Remember! If you do this, you will reach zeroness! Then whether you are a householder or a renunciant, it does not matter; the one who acts in this way will attain God's *prasannata*. The reason is that pure Akshar Purushottam Upasana is the way of transformation. When there is change from the root, then one has practiced true devotion. To accept God's manifestation in human form, to understand that God is here through the sadhu – and to have *atma-buddhi* and *preeti* for him, to follow his *aagna* and have *suhradh-bhav* for devotees, and perform *seva* with *nirdosh-bhav*, means your inner being will start to change.

This is *sadhana*. Keep *nirdosh-bhav*. Do all work with *samp* – *suhradh-bhav* and *ekta.* That's it – do whatever you need to do for this and put aside whatever you need to put aside; and that is all there is to *sadhana.* And if we carry out our *sadhana* in this way, then our root base nature and characteristics, our attachments and affections, our notion of yours and mine, will all dissolve and you will not even know it. But for this, inner force is needed. For this, three things are especially needed! Remember this! One is to keep the inclination for *katha-varta*. If there is no-one to do this, then read the *Vachanamrut* and *Swami ni Vaato* daily. Also attend satsang-sabha. What such big work are we doing that we don't have time to attend sabha? If we have *katha-varta*, only then will our *mahatmya* for the Lord, Satpurush and devotees increase. And if *mahatmya* increases, then we will find joy in doing *seva*, it will not be mechanical. Whatever we may have noted of someone else, or whatever bickering or differences that may have arisen during seva, or whatever friction may have arisen; to come out of this, there is only *bhajan* and prayer! If you listen to *katha-varta* and you do *seva,* then you will be able to maintain equilibrium when something happens, and for that reason you need to draw strength from dhun. So one must make a habit of dhun, and for that reason, one must do *mantra-lekhan.*

We want to finish the mandir within our Brahmajyoti campus in one year. Whoever has been assigned this work will carry it out. We must all do dhun to give strength to that work. If we have money, then give financial *seva*; there is no compulsion to give such and such amount. However, the work of the mandir is on-going and one should do *seva,* and one should come for *seva.* Remember! Those who do *bhajan* and pray, who do *seva* harmoniously in a spirit of unity, will themselves become temples of God!

Bhagwan Swaminarayan says, we have not come here to build temples nor to propagate the satsang. We have come to enable humankind to attain the inner fulfillment of God. But the mind, intellect, consciousness, ego and senses get in the way of attaining that inner bliss of God, and it is to transform them that we have started this *kriya-yog*. Whoever forges ahead in that with *mahima*, will certainly, certainly, certainly be transformed. That is what these projects are like, so join in them wholeheartedly and then go home and talk about them.

May God's *prasannata* flow in our hearts. Our lives have truly become worthwhile, and may the joy of that remain with us eternally. If any of our devotees are facing any difficulties in business, trade, factories, or in health, or in relation to their children, or any other obstacles in their day to day lives, then may God take everyone across these difficulties, and may the Lord grant that our whole satsang community comes to experience supreme peace, supreme joy and supreme fulfilment! For that let us do dhun for two minutes ... Swaminarayan... Swaminarayan... Swaminarayan!

Sahajanand Swami Maharaj ni Jai! ◆



# સત્સંગ સમાચાર



## ભારતના ૭૪મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી

*** યોગી વિદ્યાપીઠ, મોગરી :** અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ આનંદ બાલવાડી, મિત્ર પુનર્વસન કેન્દ્ર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, ઇન્ફર્મેશન ટેકનોલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઇંન્સ્ટિટ્યૂટ, સહજાનંદ કલા સાધના તીર્થ દ્વારા યોગી વિદ્યાપીઠ ખાતે ભારતનો ૭૪મો સ્વાતંત્ર્યોત્સવ સલામત સામાજિક અંતર જાળવી ભવ્યતાથી ઉજવાયો.

સદ્‌ગુરુ સંત પ. પૂ. અશ્વિનદાદા, યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. ડૉ. રતિકાકા, સંતો, તેમજ મર્યાદિત શિક્ષકોની ઉપસ્થિતિમાં કોરોના મહામારીના સંક્રમણ સમયે સમાજની સ્વાસ્થ્ય સુરક્ષા માટે સતત સેવારત એવા ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ દ્વારા તિરંગાને ગગનમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી.

શ્રીકૃષ્ણ હૉસ્પિટલ, કરમસદના મૅડિસિન વિભાગના વડા પ્રૉ. ડૉ. ભાલેન્દુ એસ. વૈષ્ણવે સૌ સ્વાસ્થ્ય-સહકર્મીઓની સેવાને બિરદાવી અને હૃદયસ્પર્શી વાત કરતાં જણાવ્યું કે, અહીં શૈક્ષણિક સંસ્થાઓ સાથે મંદિર સંકળાયેલું છે, જેની પ્રભાવક અસર ભાર વગરના ભણતરમાં પરિણમી છે. તેનું ઋણ કેવળ વ્યક્ત થઈ શકે, કદાપિ ચૂકવી ન શકાય. કોરોનાથી ઉત્પન્ન સ્થિતિમાં લોકો અંતર્મુખી થયા છે, તેનો લાભ અધ્યાત્મ દ્વારા આંતરિક વિકાસ હેતુ ઉઠાવવા અને આત્મનિર્ભર થવા સૌને હાકલ કરી.

સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાએ પ્રેરણાત્મક આશીર્વાદ પ્રદાન કર્યા અને સદ્‌ગુરુ સંત પ.પૂ. રતિકાકાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં કહ્યું કે, 'દેશ આઝાદ થયો ત્યારથી આજની પરિસ્થિતિમાં દરેક ક્ષેત્રે બદલાવ આપણે જોઈ શકીએ છીએ. શહીદો, દેશનેતાઓના પુરુષાર્થ તેમજ શ્રી અરવિંદ અને યોગીબાપા જેવા અનેક મહાપુરુષોનાં માર્ગદર્શનને બળે અનેક યુવાનોએ દેશ માટે પુષ્કળ કામ કર્યું. તેમને પ્રતાપે આજે આપણે આઝાદીનાં મીઠાં ફળ ચાખીએ છીએ. તે સહુ વીરોને વંદન કરીએ !'

આઝાદી પર્વે સહજાનંદ કલાસાધના તીર્થના સૂરવૃંદ દ્વારા દેશભક્તિ ગીતગાન પ્રસ્તુત કરવામાં આવ્યાં. આ પ્રસંગે આદરણીય મુખ્ય અતિથિ ડૉ. વૈષ્ણવસાહેબને અપ્રતિમ સામાજિક ઉત્તરદાયિત્વ તથા અનુકંપાપૂર્ણ સેવાકાર્યો બદલ સંતભગવંત પ.પૂ. સાહેબદાદાના વરદ હસ્તે શાલ અર્પણ અને સદ્‌ગુરુ સંતોને શ્રીહસ્તે ખેસ, પ્રમાણપત્ર તથા વિશિષ્ટ મૉમેન્ટોથી વિભૂષિત કરી કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ. ◆

**ધારી :** શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલ તથા શ્રી ભીમાણી પ્રાથમિક શાળાના કર્મચારીઓએ સદ્‌ગુરુ સંત પૂ.અરુણભાઈની ઉપસ્થિતિમાં ભારતના સ્વાતંત્ર્યપર્વને ઊજવવામાં આવ્યું. ધ્વજારોહણ વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલનાં રામેશ્વરીબહેનના હસ્તે કરવામાં આવ્યું. પ્રાસંગિક પ્રવચન વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ તેમજ શ્રી ભીમાણી પ્રાથમિક શાળાનાં પ્રિન્સિપાલ પ્રિન્જલબહેને કર્યું તથા પૂ.અરુણભાઈએ આશીર્વાદ પાઠવ્યા. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** ૧૫ ઑગસ્ટના રોજ ઉપાસના ધામ, અમદાવાદના પ્રાંગણમાં ભારતનો ૭૪મો સ્વાતંત્ર્યદિન સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ મર્યાદિત યુવાનોની હાજરીમાં સામાજિક અંતર




ભારતના ૭૪મા સ્વાતંત્ર્યતાપર્વે ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન



ઉપાસના ધામ, અમદાવાદના પ્રાંગણમાં ઉજવાયેલ ભારતનો ૭૪મો સ્વાતંત્ર્યદિન

જાળવીને ઉજવાયો. અતિથિવિશેષ તરીકે કેડીલા કંપનીના નિવૃત્ત માર્કેટિંગ હેડ શ્રી પ્રભાકરભાઈ ભટ્ટ પધાર્યા અને તેઓએ રાષ્ટ્રધ્વજ ફરકાવી મનનીય વક્તવ્ય આપ્યું અને ઘનશ્યામભાઈ પાઠકે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું. મંદિરની સેવામાં પ્રવૃત્ત નરસિંહદાદા, ચંદ્રકાંતદાદા, રાજેશદાદા, દીપકભાઈ, નંદલાલભાઈ આદિ વડીલોની ઉપસ્થિતિએ આ પ્રસંગની શોભામાં વધારો કર્યો.

### અનુપમ મિશન, યુ.કે. મંદિરનો પાંચમો પાટોત્સવ

રવિવાર, ૧૬ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ અનુપમ મિશન-યુ.કે.ની તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નવનિર્મિત મંદિરે બિરાજમાન શ્રી ધામ-ધામી અને મુક્તની પ્રતિમાનો પાંચમો પાટોત્સવ એક નવી જ શૈલી અને ટૅક્નોલૉજીના ડિજિટલ માધ્યમ દ્વારા ખૂબ સુન્દર રીતે ઉજવાયો. ગુરુહરિ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની રુચિ અને પ્રેરણા અનુસાર તથા અનુપમ મિશન-યુ.કે.ના મહંત સાધુ પૂ. હિંમતદાસજીનાં માર્ગદર્શન હેઠળ સંતો અને હરિભક્તોએ ભેગાં મળીને પાટોત્સવની સુંદર ઉજવણી કરી.

સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શન મુજબ ભારત સ્થિત સંતો સાધુ પૂ. ઉત્પલદાસ, સાધુ પૂ. અશોકદાસ અને સાધુ પૂ. રાજુદાસે પારમિતા સભાખંડમાં પાટોત્સવની સુંદર વિધિ કરાવી અને સાધુ પૂ. દિલીપદાસ, પૂ. વાસુદાસ, પૂ. હરસુખદાસ, પૂ. ગોવિંદદાસ, પૂ. ઘનશ્યામદાસ યજમાન પદે બિરાજ્યા. આ વિધિમાં દેશ-વિદેશનાં લગભગ ૭૦૦થી વધુ પરિવારો જોડાયાં. આ શુભ પર્વની ઉજવણીના ભાગ રૂપે યુવાન-યુવતીઓએ 'દિવ્ય દર્શનમ્' જેવી એક સુંદર વેબ-ડૉક્યુમૅન્ટરી પણ પ્રસ્તુત કરી.

ઈંગ્લૅન્ડમાં સૌ સંતો મુખ્ય મંદિરમાં શ્રી ધામ-ધામી-મુક્ત સમક્ષ અને સૌ સ્થાનિક હરિભક્તો પોતપોતાનાં ઘરમંદિરમાં શ્રી ઠાકોરજીના પાટોત્સવ તથા શ્રાવણ માસની મહાપૂજા વિધિમાં જોડાયા અને ગુરુહરિ સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્ય થયા.

હરિભક્તોએ ઘરમંદિરમાં અને મુખ્ય મંદિરમાં થઈને શ્રી ઠાકોરજીને ૮૦૦ જેટલી વાનગીઓના અવનવા થાળ ધરાવ્યા અને આરતી અર્પણ કરી. આ પાવન દિવસે અનુપમ મિશનનાં વિશ્વનાં સમગ્ર સૅન્ટર્સનાં મંદિરોમાં થાળની સેવા સતીશભાઈ-હંસાબહેન ચતવાણીએ કરી વિશેષ ભક્તિ અદા કરી.

સાંજની સભામાં સાધુ પૂ. હિંમતદાસજીના ૬૫મા પ્રાગટ્યદિનની ઉજવણી નિમિત્તે ઑનલાઈન સભામાં ગુરુહરિ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ બાદ હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી સાધુ પૂ. હિંમતદાસજીનાં ગુણાનુગાન ગાઈને પોતાના હૃદયભાવ વ્યક્ત કર્યા.

આમ, ખૂબ જ સુંદર રીતે સંપ, સુહૃદભાવ અને એકતાથી આ ભવ્ય ઉત્સવની ઉજવણી થઈ. ◆

### સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૯મા પ્રાગટ્યપર્વની ઉજવણી

**ગુરુસભામાં :** ૨૦ ઑગસ્ટ, ગુરુવારે ડિજિટલ માધ્યમથી યુવકોની અઠવાડિક સભા-ગુરુસભાના યુવાનો દ્વારા સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૯મા પ્રાગટ્યપર્વની ભક્તિજોશભરી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શ્રી યોગી યુવા સૂરવૃંદ સાથે પૂ. શાંતિદાદા બિરાજ્યા અને તેઓને મનપસંદ પ્રાર્થનારૂપી કીર્તનોનાં ગાન કરાયાં. કીર્તનોનાં નિરૂપણ અને તે સાથે જોડાયેલી સ્મૃતિઓને પૂ. શાંતિદાદાએ વર્ણવી. વિશેષ તો પ્રત્યેક કીર્તનના માધ્યમથી 'સાહેબદાદા' - એ શબ્દના અક્ષરોનાં અર્થઘટન




સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના પ્રાગટ્યપર્વની ગુરુસભામાં વિશિષ્ટ ઉજવણી



પૂ. શાંતિદાદા દ્વારા પ્રાગટ્યદિને નૂતન મંદિરમાં શ્રી ઠાકોરજીને પ્રાતઃ આરતી અર્પણ

સાથે પૂ. શાંતિદાદાએ સાહેબદાદાના મહિમાને વિસ્તાર્યો અને તેને અનુરૂપ પ્રસંગોનાં વર્ણન કર્યાં. વળી, પૂ. શાંતિદાદા જેમ જેમ એક એક અક્ષરનો અર્થ-મહિમા સમજાવે તેમ તેમ યુવક સુશોભન ટીમ કલાત્મક રીતે એક એક અક્ષર બૅકડ્રૉપ પર સુશોભિત કરતી જાય ! આમ, કાર્યક્રમને અંતે કલાત્મક રીતે, ચાર પાંખાળા સમસ્ત ગુણાતીત સમાજના પ્યારા, 'સૌના વહાલા સાહેબદાદા' છે તે ભાવ પ્રગટ કરાયો.

સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા અને પૂ. હર્ષદદાદાએ પણ પૂ. શાંતિદાદા સાથે જોડાયેલ સ્મૃતિ પ્રસંગોને વર્ણવી આનંદ કરાવ્યો, મહિમા ગાયો. સંતભગવંત સાહેબદાદા સ્વયં પધાર્યા અને સૌની ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. ◆

## સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૯મા પ્રાગટ્યપર્વની ઉજવણી

**બ્રહ્મજ્યોતિ, મોગરી :** પરમ શાંતિ પમાડતા દિવ્ય સ્વરૂપ અને પ્રાર્થનામૂર્તિ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૯મા પ્રાગટ્યપર્વની માહાત્મ્યસભર ઉજવણી પારમિતા સભાખંડમાં ૨૪થી ૨૭ ઑગસ્ટ દરમિયાન કરવામાં આવી. ડિજિટલ માધ્યમથી દેશ-પરદેશના સૌ અક્ષરમુક્તો આ ભક્તિસંપન્ન ઉજવણીમાં ખૂબ મોટી સંખ્યામાં જોડાયા. સંતો અને ભક્તો દ્વારા દરરોજ મનનીય અનુભવદર્શન કરાવાયાં, જેનાં શ્રવણ કરી સૌ ધન્ય થયાં.

૨૪ ઑગસ્ટના રોજ રાત્રિસભામાં અમદાવાદથી ચંદનબહેન, માણાવદરથી સાધુ પૂ. રણછોડદાસ, બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. ઘનશ્યામદાસ દ્વારા માહાત્મ્યગાન થયાં અને સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ આશીર્વાદ પાઠવી પૂ. શાંતિદાદાના અલૌકિક જીવનનું માહાત્મ્યપૂર્ણ દર્શન કરાવ્યું.

૨૫ ઑગસ્ટના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સીમાબહેન, સાધુ પૂ. મૂકેશદાસ, સાધુ પૂ. રમેશદાસે માહાત્મ્યગાન કર્યાં અને પૂ. શાંતિદાદા સાથે થયેલા પોતાના દિવ્ય અનુભવોની વાત કરી. ખાસ તો સાધના માર્ગે પૂ. શાંતિદાદાએ આપેલ માર્ગદર્શન અને હૂંફ તથા બળ તેમજ તેઓએ કરેલ દિવ્ય જતનની મનનીય વાતો વહેંચી. સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદાએ આશીર્વાદ પાઠવી માહાત્મ્યદર્શન કરાવ્યું.

૨૬ ઑગસ્ટના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. પંકજદાસે મહિમાગાનમાં પોતાના જીવન સાથે સંકળાયેલા અદ્‌ભુત પ્રસંગો તથા પૂ. શાંતિદાદા સાથેના દિવ્ય સંબંધનાં વર્ણન કરી સૌને પ્રેરણા આપી. સાધુ પૂ. મનોજદાસજીએ ગુણાતીત અવસ્થાને પ્રાપ્ત કરેલ દિવ્ય સ્વરૂપ પૂ. શાંતિદાદાના જીવનનું અનુપમદર્શન કરાવ્યું અને અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતોની એકતા-સંગઠનભાવ-સુહૃદભાવ, પ્રગટ સ્વરૂપ સાથે જીવની પ્રીતિ, દૃઢ આશરો, તેઓ દ્વારા થયેલ માહાત્મ્યયુક્ત સેવા, સૌમાં તેઓએ રાખેલી નિર્દોષબુદ્ધિ આદિ અકલ્પ્ય ગુણોનાં દર્શન કરાવી વર્તમાન સમયે થતાં અલૌકિક યુગકાર્યોની ઝાંખી કરાવી. અંતે, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌને કૃતાર્થ કર્યાં. તેઓએ પૂ. શાંતિદાદા સાથેના પોતાનાં અમૂલાં સંસ્મરણો વાગોળી અદ્‌ભુત સ્મૃતિઓ આપી.

૨૭ ઑગસ્ટ-પૂ. શાંતિદાદાના તારીખ મુજબના પ્રાગટ્યદિને યુ.કે.થી સતીશભાઈ ચતવાણી, અમેરિકાથી બિમલભાઈ શેઠ અને અમદાવાદથી દીપ્તિબહેન દેસાઈ દ્વારા હૃદયસ્પર્શી માહાત્મ્યગાન થયાં. વળી, દીપ્તિબહેન દેસાઈ, અમિતભાઈ ઠક્કર ને ટીમ દ્વારા વિશેષ રીતે તૈયાર કરાયેલ ભક્તિગીત પણ પ્રસ્તુત કરાયું. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને ત્યારબાદ સંતભગવંત સાહેબજીના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા.



પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિને પ્રાર્થનાર્પણ અને સાહેબદાદાના આશીર્વાદ



ઈન્ટરનેશનલ બાળસભામાં ભક્તિવંત તારલાઓને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ

સદ્‌ગુરુના પ્રાગટ્યપર્વનો અલૌકિક આનંદ માણી સૌ ધન્ય થયાં. દૂર હોવા છતાં પણ અનેક ભક્તોએ આ પ્રસંગે વિશેષ સેવાના ભાવ ધરી ભક્તિ અદા કરી. ◆

**ઇન્ટરનેશનલ બાળસભામાં :** સંતભગવંત પ.પૂ. સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોના સંકલ્પ-આશીર્વાદથી લૉકડાઉન સમયમાં અનુપમ મિશન પરિવારનાં બાળકો માટે ખાસ 'શ્રી અનુપમ સત્સંગ બાળસભા'નો પ્રારંભ થયો, જે અંતર્ગત ૨૮ ઑગસ્ટના રોજ બાળકોને વહાલા શાંતિદાદાનો પ્રાગટ્યદિન વિશિષ્ટ રીતે ઊજવવાની તક પ્રાપ્ત થઈ.

યુટ્યૂબ-લાઈવના માધ્યમથી આ ઇન્ટરનેશનલ બાળસભામાં અમેરિકા, કૅનેડા, લંડન, ઑસ્ટ્રેલિયા તથા ભારતનાં સૌ મંડળનાં બાળકોએ ભાગ લીધો અને પૂજ્ય શાંતિદાદાના જીવનના એકાગ્રતા, સમયપાલન, આજ્ઞાપાલન, પ્રાર્થના, પ્રેમ, કરુણા આદિ ગુણોનાં વર્ણન કર્યાં. ડિજિટલ ટૅકનોલૉજીનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરી આ ગુણો પર વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો, જેને દેશ-પરદેશના હજારો પરિવારોએ માણ્યો. બાળકોએ પૂ. શાંતિદાદાને પ્રિય એવા શ્લોક, 'સ્વામીની વાતો', 'વચનામૃત' તથા યોગીજી મહારાજની પ્રાર્થના વગેરેના મુખપાઠ રજૂ કર્યા અને વિશેષ આ પ્રસંગે બાળકોએ મંત્રલેખન, જપયજ્ઞ સહિત વિવિધ નિયમો લેવા રૂપી ભક્તિ અર્પણ કરી. અંતે, સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ અદ્‌ભુત રાજીપો વરસાવ્યો અને સાહેબદાદાએ આશિષ આપતાં કહ્યું કે, 'બાળકોએ તો પૂ.શાંતિભાઈના પ્રાગટ્યદિનની ઉજવણી પર કળશ ચઢાવી દીધો !' બાળસભાના સંચાલકો સાધુ પૂ. સરજુદાસ, સીમાબહેન, ભાવિશાબહેન, ઊર્જાબહેન તથા બાળકોને સત્સંગની સુંદર સમજ અને તાલીમ આપી રહેલા કાર્યકર્તાઓ આદિ સૌની ભક્તિને પણ સૌ સંતો-સ્વરૂપોએ વધાવી અને સૌ બાળકોના ભાવ સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને ભક્તોએ સ્વીકાર્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બાળસભાના ચિ. યોજશે કર્યું. ◆

## જળઝીલણી ઉત્સવ

૨૯ ઑગસ્ટના રોજ પરિવર્તિની એકાદશીના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે પારમિતા સભાખંડમાં શ્રી ઠાકોરજી સમક્ષ જળઝીલણી ઉત્સવની દિવ્ય ઉજવણી સંપન્ન થઈ. યુવાનો દ્વારા સુંદર કલાત્મક જળકુંડ આ પ્રસંગે તૈયાર કરાયો ને તેમાં કલાત્મક નાવમાં શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓ પધરાવાઈ. મહામારીના આ સંકટ સમયમાં સૌની સુરક્ષા સચવાય અને ભક્તિ પણ અર્પણ કરી શકાય તેવા ભાવથી સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પારમિતામાં આ કાર્યક્રમ યોજાયો. વડોદરા પ્રદેશના ભક્તો પ્રતિ વર્ષ આ ઉત્સવના યજમાન બની પોતાના આંગણે યોજે છે, તેથી કેટલાક ભક્તોએ આ પ્રસંગે મર્યાદિત સંતો અને સ્થાનિક ભક્તો સાથે ઉપસ્થિત રહી, સામાજિક અંતર જાળવી જળઝીલણી ઉત્સવ ઊજવ્યો.

આ દિવસે વડીલ સાધુ પૂ. દિલીપદાસજીનો ૭૧મો પ્રાગટ્યદિન હોવાથી સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકા અને પૂ. શાંતિદાદાએ જળઝીલણી એકાદશી નિમિત્તે અને સાધુ પૂ. દિલીપદાસજીના પ્રાગટ્યપર્વ નિમિત્તે અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કર્યા. આ પ્રસંગે ઉપસ્થિત વડોદરાના એકાંતિક યુવાન આશિષભાઈએ પ્રાસંગિક પ્રવચનમાં સાહેબદાદાના આશીર્વાદના સુફળની બળભરી ને નિષ્ઠાપૂર્ણ વાતો કરી. યુવાનો દ્વારા 'આવ્યા હરિ ઊંડને તીરે...' કીર્તન પ્રસ્તુત થયું અને સૌ શ્રી હરિની દિવ્ય લીલામાં ગરકાવ થયાં.

રાત્રિસભામાં યુ.કે.થી સતીશભાઈ ચતવાણી, શિણાયથી અમીબહેન, બ્રહ્મજ્યોતિ મોગરીથી જયેન્દ્રભાઈ પટેલ, સાધુ પૂ.





જળઝીલણી ઉત્સવ નિમિત્તે સદ્‌ગુરુ સંતો દ્વારા મંત્ર પુષ્પાંજલિ અર્પણ, શ્રી ઠાકોરજીને નૌકાવિહાર દ્વારા ભક્તિ અર્પણ તથા આશીર્દાન

યજ્ઞેશદાસજી, સાધુ પૂ. સતીશદાસજી, અમદાવાદથી સાધુ પૂ. ગૌતમદાસજીએ મહિમાગાન કર્યાં અને સાધુ પૂ. દિલીપદાસજીના ભક્તિભર્યા જીવનની મનનીય વાતો કરી. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશિષપ્રદાન કર્યાં. ◆

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યપર્વ

૧ સપ્ટેમ્બરના રોજ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજીના ૧૦૫મા પ્રાગટ્યપર્વની  રાત્રિસભામાં મહિમાભરી ઉજવણી કરવામાં આવી. નૂતન મંદિરજીમાં નીચેના મજલાના ગર્ભગૃહમાં બિરાજમાન કરાયેલ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજીની મૂર્તિની દિવ્ય આબેહૂબ પ્રતિકૃતિ સભાખંડમાં બિરાજમાન કરવામાં આવી, જેનાં પૂજન સંતોએ કર્યાં અને વંદનભાવ ધર્યા.

જેઓએ પ.પૂ. પપ્પાજીને સેવ્યા, તેઓ સાથે રહ્યા અને પ્રેમનાં પીયૂષ પીધાં તેવા સંતો સાધુ પૂ. ગૌતમદાસ, સાધુ પૂ. પરેશદાસ અને સાધુ પૂ. દિલીપદાસે માહાત્મ્યગાન કર્યાં અને પ.પૂ. પપ્પાજીના સાદગીભર્યા જીવન, આધ્યાત્મિક આદર્શો અને ગુણાતીત અવસ્થાનાં સુંદર વર્ણન કર્યાં. તેઓએ આપેલ જીવનસૂત્રો, નિ:સ્વાર્થ પ્રેમ અને આશીર્વાદને પરિણામે કલ્યાણ પામેલા સેંકડો પરિવારો, ગુણાતીત સમાજના ભક્તોની સ્મૃતિ કરી પ.પૂ. પપ્પાજીના મહિમાનાં યથાર્થ દર્શન કરાવ્યાં. અંતે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌને ધન્ય કર્યાં. વિશેષ તો, પ.પૂ. પપ્પાજીએ આપેલ ‘સંજીવની મંત્ર’ અને તેમાંય તેના છેલા મુદ્દા – સાધના માર્ગે પ્રભુને રાજી કરવા નીકળેલ સાધકે ખોવાનું શું છે જે ડરવું પડે ! તે મુદ્દાનું નિરૂપણ કરી બળ અને માર્ગદર્શન દીધાં. ◆



બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યપર્વે હૃદયભાવ સહિત પૂજન

## સંતસમાગમ

ચાતુર્માસ દરમિયાન સત્સંગની પવિત્ર વાતોનાં શ્રવણ તથા મનન અને ચિંતન અર્થે સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અનુપમ મિશનની વ્યવસ્થાપન સમિતિ દ્વારા સંતસમાગમ કાર્યક્રમનો ૩૧ ઑગસ્ટથી શુભારંભ થયો. આ કાર્યક્રમ અંતર્ગત બ્રહ્મજ્યોતિ–મોગરીથી ડિજિટલ માધ્યમ દ્વારા નિત્ય રાત્રિસભામાં અનુપમ મિશનના દેશ–પરદેશના સંતો સ્વાનુભવની ગોષ્ઠિ સંપ્રદાયનાં સત્‌શાસ્ત્રોના આધારે કરે છે અને આ ગોષ્ઠિ દરમિયાન પોતાના જીવન અનુભવના આધારે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના મહિમાને વિસ્તારે છે. સાધુ પૂ. ભરતદાસ, સાધુ પૂ. ઉમેશદાસ, સાધુ પૂ. સતીશદાસ, સાધુ પૂ. ગોપાલદાસ, સાધુ પૂ. ગોરધનદાસ, સાધુ પૂ. મનોજદાસ, સાધુ પૂ. દીપકદાસ, સાધુ પૂ. સરજૂદાસ, સાધુ પૂ. દિલીપદાસ, સાધુ પૂ. ગોવિંદદાસ, સાધુ પૂ. જિજ્ઞેશદાસ, સાધુ પૂ. અર્પિતદાસ અને સાધુ પૂ. હિંમતદાસ (યુ.કે.), સાધુ પૂ. પ્રેરકદાસ, સાધુ પૂ. નરેન્દ્રદાસ, સાધુ પૂ. જયેશદાસ (યુ.એસ.એ.) આદિ સંતો દ્વારા પ્રાસંગિક મહિમાદર્શન થયાં. આ સભામાં દરરોજ દેશ–વિદેશના સેંકડો પરિવારો જોડાય છે અને ભગવદ્ ભક્તિ કર્યાનો આનંદ તથા સંતોષ તેમજ આધ્યાત્મિક ઉત્થાન પામ્યાનો અનુભવ કરે છે. ◆

## શ્રદ્ધાંજલિ



*** મેઘજીભાઈ ડઢાણિયા :** ૨૧ ઑગસ્ટના રોજ માણાવદરના નિષ્ઠાવાન હરિભક્ત પૂજ્ય મેઘજીભાઈ ભગવાનજીભાઈ ડઢાણિયા ૮૨ વર્ષની વયે તેઓના નિવાસસ્થાન માણાવદર મુકામે અક્ષરધામ પધાર્યા. તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણ, સૌ ગુણાતીત સ્વરૂપો અને સંતભગવંત સાહેબજી રૂપી પ્રગટ ગુરુહરિનો આશરો સુદૃઢ કરી આદર્શ જીવન વિતાવ્યું. તેઓના વહાલસોયા સુપુત્ર રમેશભાઈ એટલે કે સાધુ પૂજ્ય રમેશદાસ–કપિલને અનુપમ મિશનમાં સંતભગવંત સાહેબજીના શ્રીચરણે ઠાકોરજીની સેવામાં સમર્પિત કરી અદ્‌ભુત ભક્તિ અદા કરી. તેવા જ તેઓના બીજા સુપુત્ર નટુભાઈને પણ સત્સંગવારસો આપી ધન્ય કર્યા. આવા આદર્શ માવતર અને સત્સંગના વડીલ સ્વજન પ્રેરણારૂપ હોય છે. તેઓની વિદાયથી ખોટ સર્જાય પણ પ્રભુ આવા દિવ્ય આત્માને પુનઃ પોતાનો જોગ આપી સત્સંગકાર્ય અર્થે મોકલે છે. આ વાતનો સ્વીકાર કરનાર પરિવારનાં સૌને વંદન ! ◆




અનુપમ મિશન-યુ.કે. મંદિરમાં શ્રી ઠાકોરજીના પાંચમા પાટોત્સવ પ્રસંગે મહાપૂજાવિધિમાં ભક્તિભાવે રત સંતો





અનુપમ મિશન-યુ.કે. મંદિરમાં શ્રી ઠાકોરજીના પાંચમા પાટોત્સવ પ્રસંગે શ્રી ઠાકોરજીનાં ચરણ પ્રક્ષાલન... અન્નકૂટ તથા આરતી અર્ઘ્ય અર્પણ




અનુપમ મિશન-યુ.કે. મંદિરમાં શ્રી ઠાકોરજીના પાંચમા પાટોત્સવ પ્રસંગે બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પાટોત્સવ મહાપૂજા તથા પાટોત્સવપૂજન...




અનુપમ મિશન-યુ.કે. મંદિરમાં શ્રી ઠાકોરજીના પાંચમા પાટોત્સવ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાનાં રૂડા આશીર્દાન




**Regd. News Paper / Air Mail / Book Post**

**To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 17-9-20 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

*

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**